# PUBLIC AWARENESS ARTICLES

# જન જાગૃતિના લેખો

‘‘દરેક બાળક ઈશ્વરના સંદેશ તરીકે જન્મે છે કે હજુ માનવતામા આશા છે’’

-રવિન્દ્રનાથ ટાગોર

# ડો હિમાંશુ ઠક્કર દ્વારા કાન,નાક,ગળાના રોગો, ચિહ્નો, તકેદારી અને સારવાર વિશે માહિતી

મનુષ્ય શરીર મા કાન નાક અને ગળું અવયવો નાના પણ તકેદારી ખૂબજ મોટી અને સંભાળ ખૂબજ જરૂરી તો ચાલો આપણે સર્વ આ અવયવોની રચના, રોગો, તકેદારી અને નિદાન અને સારવારની આ સફરમાં સાથે આ બૂકના માધ્યમથી જોડાઇએ. કોઇએ સાચું જ કહ્યું છે પહેલું સુખ તે જાતે નર્યા. એટલે જો આપણું સ્વાસ્થ્ય સારૂ હશે તો જીવનના બધાજ સુખો ભોગવી શકીશું. "Prevention is better than cure" મતલબ ઉપચાર કરતાં નિવારણ વધુ સારૂ છે. **व्यायामात् लभते स्वास्थ्यं दीर्घायुष्यं बलं सुखं। आरोग्यं परमं भाग्यं स्वास्थ्यं सर्वार्थसाधनम्॥"**
‘‘મતલબ કસરત સ્વાસ્થ્ય, આયુષ્ય, શકિત અને ખુશી લાવે છે. સ્વાસ્થ્ય એ પરમ સૌભાગ્ય છે, આરોગ્ય એ બધી સંપત્તિનું સાધન છે.’’

આ પુસ્તકનો મુખ્ય ઉદ્દેશ કાન, નાક તથા ગળાના આરોગ્ય વિષે માહિતી, તેની સારવાર અને કઇ રીતે રોગ અટકાવી શકાય વિષયો ઉપર જનજાગૃતિના ઉમદા આશય સાથે તૈયાર કરવામાં આવેલ છે.
હાલમા નાની ઉંમરે આવતી બહેરાશની સમસ્યા ખૂબજ વ્યાપક છે જેના કારણો અનેક છે જેમકે યુવાનોમા ખૂબજ મોટા અવાજે અને લાંબા સમય સુધી મ્યૂઝિક સાંભળવાની આદત, ટ્રાફિકનો અવાજ, તેવીજ રીતે કાનમાંથી આવતા રસી, નાના બાળકોમા વારંવાર શરદીની સમસ્યા, ઉંમર લાયક વ્યકિતમા કાનની નસ ની બહેરાશ કારણભૂત છે. તે ઉપરાંત નાના બાળકોમા જન્મથી બહેરાશ કે જેમાં બાળકને માતાના ગર્ભમાં થતું રૂબેલા, સીફિલિસ, સાયટોમીગાલો વાયરસનો ચેપ, વિ.નવજાત શિશુ ને થતો કમળો, જન્મીને જો બાળક રડયુ ના હોય તેવા સંજોગોમાં બહેરાશની શકયતા વધી જાય છે. જે કિસ્સાઓ મા સ્ક્રીનનિંગ ટેસ્ટ OAE કરવામાં આવે તો જન્મથી આવેલા બહેરાશની સારવાર કોકલિયર ઇમપ્લાન્ટ વડે શકય છે અને બાળક નોર્મલ રીતે બોલી અને સંભાળી શકે છે. યુવાનો અને પુખ્ત વયના લોકો માટે ઓડિયોમેટ્રિ વડે બહેરાશનું નિદાન કરીને બહેરાશની સારવાર કરી શકાય છે. જેથી કુદરતે આપેલી અમૂલ્ય શ્રવણ શકિતની કાળજી રાખવી જોઇએ.

આપણી ૫ ઇન્દ્રીયો પૈકી શ્રોત્ર ઇન્દ્રિય (કાન): ધ્વનિ અને શ્રવણ માહિતીની અનુભૂતિમાં સહાય કરે છે.

ઘ્રાણ ઇન્દ્રિય(નાક) : શ્વાસ અને ગંધની અનુભૂતિમાં સહાય કરે છે.
રસન ઇન્દ્રિય(જીભ) : સ્વાદની અનુભૂતિમાં સહાય કરે છે.
જેમ શ્વાસ વગર જીવન શકય નથી તેમજ સ્વાદ વગર ખોરાકની અનુભૂતિ નથી અને શ્રવણ શકિત વગર શબ્દોની અનભૂતિ શકય નથી.

# Public Awareness

તો ચાલો નાક વિશે જાણીએ જયારે કોઇ કહે કે મારા નાકનો સવાલ છે એટલે કે તે વ્યકિતની ઈમેજનું પ્રતિક છે. તેવીજ રીતે સ્વાસ્થ્યની દ્રષ્ટિએ પણ ખુબજ મહત્ત્વનું અંગ છે. નેઝલ કેવિટીની એવરેજ લંબાઇ ૫.૬ સેમી પહોળાઇ ૨.૫ સેમી ઊંચાઇ, ૩.૧ સેમી અને બાહ્ય છિદ્ર ૧૨ મિલિમીટરનો

ડાયામીટર ધરાવે છે. નાકનું કાર્ય શ્વાસ સાથે સાથે સુગંધ પારખવાનું અને નાકની અંદરના વાળ કે જે નાક ને બાહ્ય પ્રદૂષણથી રક્ષણ આપે છે. કાયમી શરદી, સાયન્સ, નાકમાં થતા મસા એલર્જી, નાક બંધ રહેવું એ સમસ્યા મોટા ભાગે જોવા મળે છે. સાયનસ એટલે ચહેરા ઉપર આવેલ પોલ્હાણવાળી જગ્યા જે જેમાં મુખ્યત્વે હવા ભરેલી હોય છે તેમાં જો શરદી અને કફ જમી જાય તો તેને સાયનસનો ચેપ કહેવાય છે જેમાં માથું દુખવું, નાકમા મસા થાય છે. સામાન્ય શરદીમા ઘરેલુ ઉપચાર ગરમ પાણીની વરાળનો નાસ લઈ શકાય, આપના તબીબની સલાહ મુજબ નાકના ટીપાં અને દવાઓ લઇ શકાય અને જરૂર પડયે દૂરબીન વડે નાકના છિદ્રોમાંથી ઓપરેશન કરી સારવાર શકય છે.

સ્વર પેટી અને ગળાના રોગો જેવા કે કાકડાની સમસ્યા, શિક્ષકોમા લાંબા સમય સુધી અને મોટા અવાજે લેકચર લેવાથી સ્વર પેટી ઉપર સોજો આવવો અને કયારેક મસો પણ થઇ શકે છે. જેવી જ રીતે ગાયકોમા ઊંચા સુર મા લાંબો સમય ગાવાથી ઉપરોકત સમસ્યા થઇ શકે છે. જેવી જ રીતે ગાયકોમા ઊંચા સુરમા લાંબો સમય ગાવાથી ઉપરોકત સમસ્યા થઇ શકે છે. ઉપચાર voice rest અવાજ ને આરામ, ખૂબજ પ્રમાણમા પાણી પીવું અને ગરમ પાણીમાં નીલ ગીરીના ટીપાં નાખી નાસ લેવી. વ્યસન દર્દીઓ મા લાંબા સમયથી અવાજનો બદલાવ મો ની અંદર ન રૂજાતી ચાંદી, ગળાની ગાંઠ, ખોરાક ગળવા મા તકલીફ, મોઢું ઓછુ ખુલવુ, ગળફામા લોહી પડવું. જેવી સમસ્યાઓ જણાતા તાત્કાલિક નિષ્ણાત તબીબની સલાહ લેવી. કેન્સર જેવી બીમારીમા જેટલું જલદી નિદાન અને સારવાર કરવામાં આવે તો કાયમી ઈલાજ શકય છે.

Scan to Watch the Links

Scan to Watch the Video

# Myth & Facts

મિથ : શરૂઆતમાં ડોકટર પાસે જવું એ સમય અને પૈસા વેડફવાનું છે.

તથ્ય : શરૂઆતમાં યોગ્ય સારવાર ન લેવાથી રોગ વધુ વિકસિત થઇ શકે છે અને ભારે સારવાર લેવી પડે - જે વધુ ખર્ચાળ અને જોખમભર્યું બની શકે છે.

મિથ : કાનમાં દુખાવો થાય ત્યારે તેલ નાખવું સૌથી સારી દવા છે.

તથ્ય : કાનમાં તેલ નાખવું હાનિકારક સાબિત થઇ શકે છે, ખાસ કરીને જો કાનના પડદાં ફાટી ગયા હોય તો ચેપ વધુ વધી શકે છે. કાનના દુખાવા માટે ENT તજજ્ઞનો સલાહ લેવી જોઇએ.

મિથ : કોઇ મિત્ર કે પાડોશી માટે જે દવા કામ કરે છે, એ મારા માટે પણ કરશે.

તથ્ય : દરેક વ્યકિતનું શરીર અને રોગની સ્થિતિ જુદી હોય છે. દવા પણ વ્યકિત અનુસાર બદલાય છે.

મિથ : ગૂગલ પર લક્ષણ શોધીને દવા લેવી સલામત છે.

તથ્ય : ઇન્ટરનેટ પર મળતી માહિતી સામાન્ય હોય છે. તે તમારા ચોકકસ રોગને સમજવામાં ખોટી દિશા આપી શકે છે. ખોટી દવા લેવામાં આવે તો ગંભીર પરિણામો આવી શકે છે.

મિથ : દવા ડોકટર દ્વારા નિર્ધારિત સમયગાળો પુરૂ થાય ત્યાં સુધી લેવી ખૂબ જરૂરી છે, ભલે લક્ષણો ઓછા થઇ ગયા હોય. દવા અધૂરી લેવાથી રોગ ફરી ઉઠી શકે છે અથવા દવા સામે રોગપ્રતિકારકતા (resistance) ઊભી થઇ શકે છે.

મિથ : જૂની રસીદ પ્રમાણે એ જ દવા ફરીથી લઇ શકાય છે.

તથ્ય : દરેક રોગની સ્થિતિ અલગ હોય છે. જૂની દવા ફરીથી લેવી હાનિકારક સાબિત થઇ શકે છે. હમેશાં નવી સ્થિતિ મુજબ ડોકટરનો પરામર્શ લેવો જોઇએ.

મિથ : ઘરના ઉકાળાથી ગળાના ઇન્ફેકશન સારૂ થઇ જાય છે.

તથ્ય : ઉકાળો અને ગરમ પાણીથી રાહત મળે છે, પણ એ ચેપને સંપૂર્ણ રીતે દૂર નથી કરતું. જો ચેપ વધુ હોય તો દવાની જરૂર પડે.

## Myth & Facts

**મિથ :** બીજાને જે દવા કામ કરી, એ જ મારી પર પણ કામ કરશે.

**તથ્ય :** દરેક વ્યકિતની તબિયત, રોગ અને તાસીર અલગ હોય છે. બીજાની દવા પોતે લેવી ખતરા ને નિમંત્રણ આપવા સમાન છે. હંમેશાં ડોકટરની સલાહથી જ લેવી.

**મિથ :** સતત નાક વહેવું એટલે સામાન્ય (સર્દી) છે, સારવારની જરૂર નથી.

**તથ્ય :** જો નાક સતત વહે છે અને શ્વાસ લેવામાં તકલીફ છે તો તે એલર્જી, સાયનુસાઈટિસ અથવા અન્ય ગંભીર બીમારીનું લક્ષણ હોઈ શકે છે.

**મિથ :** નાકમાંથી રકત આવવું સામાન્ય વાત છે, ખાસ કરીને ગરમીમાં.

**તથ્ય :** હા, ગરમીમાં નાકમાંથી રકત આવવું સામાન્ય હોઈ શકે છે, પણ વારંવાર થાય તો તે હોઈ બ્લડ પ્રેશર, નાકની અંદર સમસ્યા કે થૈલેસેમિયા જેવી બીમારીનું લક્ષણ હોઈ શકે છે. તપાસ કરાવવી જરૂરી છે.

ગળામાં દુખાવું કે અવાજ બેસી જવો એ સામાન્ય છે, બધાને થતું હોય છે.

**તથ્ય :** હા, સામાન્ય ઇન્ફેકશનમાં આવું થતું હોય છે, તથ જો લક્ષણો ૨ અઠવાયિા કરતાં વધુ ચાલે, તો તે ગળાના કેન્સરનું પ્રારંભિક લક્ષણ હોઈ શકે છે. નિષ્ણાત તબીબ ની સલાહ લેવી જોઈએ.

Scan to Watch
the Video
public awareness

Scan to Watch
the Video
Public Awareness Nitrogen Biscuit

Scan to Watch
the Video
Doctor’s Day 1st july

Scan to Watch
Patient Review

# Structure of Ear, Nose & Throat









# Common Problem of Ear, Nose & Throat












# Information About ill Effects Of Tobacco

## ધુમ્ર પાન અને તમાકુ નુ સેવન  તંદુરસ્તી જોખમ છે.

- સિગારેટ નાં ધુમાડામાં ૪૦૦૦ થી વધુ રસાયણો (કેમિકલ્સ) હોય છે.
- બધા જ તંદુરસ્તી માટે ૧૦૦ ટકા જોખમ રૂપ છે.
- ૪૩ પદાર્થ જરૂર થી કેન્સર (કર્ક રોગ) પેદા કરનાર છે.
- કોઈ પણ પ્રકાર નું તમાકુ નું શરીરમાં જવું તે તંદુરસ્તી માટે નું જોખમ છે. તેથી જ જાનવર પણ તમાકુ ખાતા નથી.
- વિશ્લેષ ૨૮ કર્ક રોગ પેદા કરનાર પૃષ્ટિપાત્ર છે.
- આડકતરો તમાકુ નો ધુમાડો પણ શરીરમાટે ખતરા રૂપ છે. **[PASSIVE SMOKING]**
- તેથી જ જાહેર સંસ્થા માં નિષેધ છે. અને બીજાને અજ્ઞાનાનતા પૂવક થતું નુકસાન અટકાવવા સેવા ભાવી સંસ્થાઓ તમાકુ ના ધૂમાડા કાઢનાર માટે જુદી બસ ની સેવાઓ આપે છે.

## શા માટે નિકોટિન વ્યસન કર્તા છે ?




## તમાકુ બંધ કરવા થી શારીરિક ફાયદા

- *૨૦ મિનિટ મા* — *લોહી નુ દબાણ નિયમિત થાય છે*
- *૨૪ કલાક પછી* — *હૃદય રોગ ના હુમલા ની સંભાવના ઓછી કરે છે*
- *૨ સપ્તાહ પછી* — *લોહિ ના પરિભ્રમણ મા સુધાર લાવે છે*
- *૩ માસ પછી* — *ફેફ્શા ના કામ મા સુધાર આવે છે*
- *૧ - ૯ માસ* — *ખાંસી, શ્વાસ ની તકલિફ, થાક, ઓછો કરે છે*
- *૧ વરસ પછી* — *ધુમ્રપાન બન્ધ કરવાથી હૃદય હુમલા ની સંભાવના અડધી થાય છે*

## વ્યસન મૂક્યા પછીના ચિન્હો

- ✓ ચીડિયાપણું
- ✓ માનસિક તણાવ
- ✓ બેચેની
- ✓ ઊબકા, કબજિયાત
- ✓ ચિંતા
- ✓ લોહીનું દબાણ અને ધબકારા ઘટવા
- ✓ ધ્યાન કેન્દ્રિત કરવામાં તકલીફ
- ✓ અનિન્દ્રા
- ✓ તમાકુ માટેની તલપ જાગવી

☐ તમાકુનું સેવન છોડ્યા પછી ઉપરોક્ત ચિન્હો ૪૮ કલાકમાં શરૂ થાય છે અને ૬ માહિનામાં ચિન્હો જતાં રહે છે.

# Information About ill Effects Of Tobacco















## વ્યસન કઈ રીતે છોડવું?




- દ્રઢ નિર્ધાર
- યોગ્ય માર્ગદર્શન
- પ્રેરણા
- કુટુંબનો સહકાર અને કુદરતે આપેલી અમુલ્ય માનવ જિંદગી સુંદર રીતે જીવવાની ઇચ્છા.




તમાકુનુ વ્યસન ,સિગરેટ છોડ નારા હમેશા વીજેતા રહે છે.



# Articles in chitralekha about nasal polyp, foreign body, ear care in monsoon

ચિત્રલેખા.com
CHITRALEKHA

હેલ્થ પ્લસ



## નાકમાં પણ મસા થાય ખરા?

તમને શરદી થઈ છે? અથવા તો શરદી ન હોવા છતાં નાકમાંથી સતત પાણી ગળે છે કે નાક જામ થઈ ગયું હોય એમ લાગે છે? માથું દુખે છે? ગળું ખરાબ થયું છે? નાક બંધ હોવાથી ઘ્રાણેન્દ્રિય પણ બંધ થઈ ગઈ હોય એટલે કે કોઈ ચીજની વાસ ન આવતી હોય એવુંય લાગે છે?

આ બધા સવાલના ઉત્તર 'હા' હોય તો સામાન્ય શરદી ઉપરાંત પણ એનું કોઈ બીજું કારણ હોઈ શકે છે અને એ કારણ માણસના નાકમાં જ મોજૂદ છે.

- અને એ કારણ છે નાકના મસા એટલે કે નેસલ પોલિપ્સ.

મળમાર્ગમાં કે શરીરમાં બીજે ક્યાંય ચામડી પર મસા થાય એવું તો આપણે સાંભળ્યું છે, પણ નાકમાં સુદ્ધાં મસા થાય એની આપણામાંથી કદાચ ઘણાને જાણ નહીં હોય.

**શું છે આ નેસલ પોલિપ્સ?**




આપણું નાક હાડકાંથી બનેલા પડદાથી બે ભાગમાં વહેંચાયેલું છે. આ બન્ને હિસ્સાની બાજુમાં એટલે કે ગાલના ભાગમાં, આંખની આજુબાજુ, એની પાછળ અને કપાળના ભાગમાં એમ મળીને ચાર-ચાર સાઈનસ તરીકે ઓળખાતી પોલાણવાળી જગ્યા હોય છે. આ સાઈનસ અને નાક એકમેક સાથે સંકળાયેલાં છે એટલે કે સાઈનસનો રસ્તો નાકમાં ખૂલે છે.

રાજકોટના જાણીતા ઈએનટી સર્જન (કાન, નાક અને ગળાના રોગના નિષ્ણાત) **ડૉ. હિમાંશુ ઠક્કર** કહે છે કે કોઈ પ્રકારની એલર્જી અથવા તો બીજા કારણે નાકની અંદરની ચામડી અને સાઈનસમાં સોજો આવે (સાઈનેસાઈટિસ) અને ચામડી લાંબો સમય ફૂલેલી રહે તો એ થોડી જામીને ગાંઠા જેવું થઈ જાય. એ ગાંઠા એટલે નાકના મસા અથવા તો નેસલ પોલિપ્સ. ત્વચાના ભાગ રૂપે જ બનતા હોવાથી આ મસા નરમ હોય અને એની પીડા પણ ન થાય એટલે ક્યારેક માણસને નાકમાં આવું કંઈક *ઊગ્યું* હોવાનો અણસાર પણ ન આવે.

**એક કે બે નહીં, દસ ને સો પણ હોય!**

અમુક એલર્જી મસા થવાનું નિમિત્ત બનતી હોય તો પણ નેસલ પોલિપ્સની વ્યાધિ પાછળનાં ચોક્કસ કારણ હજી અકળ રહ્યાં છે. આ પ્રકારના મસાના પણ પાછા પ્રકાર છે. અમુક મસા બાળકમાં જોવા મળે છે તો બીજા પ્રકારના ૪૦થી વધુ ઉંમરના માણસમાં. મસાની સંખ્યા અને એ નાકની એક અથવા તો બન્ને બાજુએ થાય એમાં પણ પ્રકાર પ્રમાણે ફેર છે.

કોઈક માણસને નાકમાં એક બાજુએ એક જ મસો થાય તો કોઈકને એકસાથે તદ્દન નાના-નાના દસ, પંદર, પચ્ચીસ, પચાસ કે એકસો મસા પણ થાય. જાણે દ્રાક્ષનું ઝૂમખું જોઈ લો. આવા મસા નાકની ચામડી પર કે સાઈનસમાં ક્યાંય પણ ફૂટી નીકળે. જો કે સાઈનસમાં ઊગેલા મસા પણ નાક તરફ ફેલાય.

**ખરા અર્થમાં હવા બંધ!**

ડૉ. ઠક્કર કહે છે કે આપણે નાકમાંથી જે હવા લઈએ એ નાકની આસપાસના પોલાણ (સાઈનસ)માં પણ ફરતી રહે છે એટલે આપણને એનું દબાણ લાગતું નથી, પરંતુ મસાને કારણે નાક અથવા સાઈનસમાં હવાનો માર્ગ રૂંધાય છે. આ *નાકબંધી* એટલે કે નાકમાં *હવાબંધી* એ છે નેસલ પોલિપ્સનું પહેલું લક્ષણ. નાકમાં મસા એનો પથારો વધારે તો નાક જામ થતું જાય, ગંધ પારખવાની એની ક્ષમતા ઓછી થઈ જાય, માણસને શ્વાસ લેવામાં તકલીફ પડે અને એનું મોઢું સુકાય.

આમ તો આવા મસા શરીરને ઝાઝું નુકસાન પહોંચાડતા નથી, પણ આંખની આસપાસના સાઈનસમાં કોઈ પ્રકારના ફંગલ ઈન્ફેક્શનથી સોજો આવીને મસા થયા હોય તો એ આંખની અંદર પણ ફેલાઈ શકે. માણસની રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય તો પૂરતી દરકાર ન લીધી હોય તો એની આંખ જવાનો પણ ખતરો રહે. એવી જ રીતે, મસા મગજમાં ફેલાય તો એના ઈન્ફેક્શનના પરિણામે માણસને સખત માથું દુખે, તાવ આવે અને ક્યારેક એકની બદલે બે-બે વસ્તુ દેખાય (*ડબલ વિઝન* એટલે કે *ડિપ્લોપિયા*).

**આ ગાંઠાને અવગણો નહીં...**

ઈએનટી સર્જન ડૉ. હિમાંશુ ઠક્કર કહે છે કે ઘણા લોકો જૂની-મુંઢાયેલી શરદીને ગણતરીમાં લેતા નથી. બહુ બેચેની લાગે તો નાકમાં ટીપાં નાખીને કામ ચલાવી લે. આવાં ટીપાં થોડો વખત નાકના મસાને નરમ બનાવે એટલે નાક ખૂલી ગયું હોય એમ લાગે, પણ એનાથી ખાસ રાહત મળતી નથી. સ્ટેરોઈડ્સવાળી દવાની આડઅસર થતી હોવાથી એ લાંબો સમય આપવી હિતાવહ નથી. સર્જરીથી મસા દૂર કરી શકાય છે, પરંતુ દસથી વીસ ટકા લોકોને મસા હળવા થયા પછી પણ પાછા થાય છે.

મસાને કારણે માણસ નાકથી હવા ન લઈ શકે એટલે ફેફસાંમાં બરાબર શુદ્ધ હવા પહોંચે નહીં એને કારણે જતે દહાડે અસ્થમા વળગવાની શક્યતા રહે. એમાં વાતાવરણની ઠંડક પણ ભાગ ભજવે એટલે નેસલ પોલિપ્સની વ્યાધિ ધરાવતા લોકોએ શિયાળામાં ખાસ ચેતવું.

feedback2hiren@chitralekha.com





## ચેતજો બાળકોના શરીરમાં ઘૂસતી આ ફોરેન બૉડીથી!

બટન સેલ, લોહચુંબક, પેન્સિલ-રબર (ઈરેઝર) કે સોપારીના ટુકડા, સિસોટી, પથ્થર, ચાંદીની ઘૂઘરી, દાંત, સ્પ્રિંગ, જૂની પાવલી કે પચાસ પૈસા-રૂપિયાના સિક્કા, રેવડી, સિંગ કે ચણાના દાણા... લિસ્ટ બહુ લાંબું છે. આ યાદી છે સામાન્ય રીતે નાનાં બાળકો ક્યારેક રમતાં રમતાં જે ચીજ ગળે ઉતારી દેતાં હોય કે નાક અથવા કાનમાં નાખી દેતાં હોય એની.

સિંગ કે દાળિયાના દાણા અથવા તો રેવડી એ આમ તો ખાવાની સામગ્રી છે, પરંતુ નાનું બાળક અકસ્માતે કે આદતવશ એ મોઢામાં નાખી દે અને એ પેટમાં જવાના બદલે ક્યાંક અટકી જાય તો?

તબીબી ભાષામાં આવી કોઈ પણ ચીજ છે ફોરેન બૉડી. માનવશરીર માટે જે પદાર્થ ખાવાલાયક નથી અથવા તો ગ્રાહ્ય નથી એવી કોઈ વસ્તુ શરીરમાં જાય ત્યારે એ *ફોરેન બૉડી* તરીકે ઓળખાય છે. શરીર આવી ચીજને પચાવી ન શકે અને કોઈ રીતે એનો નિકાલ શક્ય ન બને તો સ્વાભાવિક છે કે શરીર માટે આવી *ફોરેન બૉડી* જોખમ ઊભું કરે અને જીવલેણ પણ નીવડી શકે.



**નાના જીવ બને છે મોટી સંખ્યામાં શિકાર...**

રાજકોટની *વૉકહાર્ટ-વીરાણી હૉસ્પિટલ* સાથે સંકળાયેલા કાન-નાક-ગળાના રોગના નિષ્ણાત **ડૉ. હિમાંશુ ઠક્કર** કહે છે કે ભાંખોડિયાં ભરતાં બાળકમાં આ શક્યતા સૌથી વધુ હોય. ઘરમાં કે ઘરની ઓસરી-પરસાળમાં પડેલી કોઈ વસ્તુ એ મોઢામાં પધરાવે કે ક્યારેક નાકમાં ઠોંસે. નાકમાંથી આવી કોઈ ચીજ થોડી અંદર સરકે તો એ અટકી જાય, કારણ કે નાકનો પાછલો હિસ્સો સાંકડો હોય છે, પણ બાળક એવી કોઈ વસ્તુ મોઢામાં નાખે તો પારાવાર તકલીફ થઈ શકે.

નાના બાળકને હજી દાંત ન આવ્યા હોય એટલે આવી કોઈ પણ ચીજ વગર કોઈ અવરોધે-સહેલાઈથી અંદર સરકી જાય. સામાન્ય રીતે શરીર માટે આવી કોઈ પણ *અજાણી* ચીજ મોઢાથી શરીરમાં પ્રવેશે તો ઉધરસ આવીને એ વસ્તુ બહાર આવી જાય. આ આપણા શરીરની એક પ્રકૃતિદત્ત રક્ષણયંત્રણા છે. જો કે નાના બાળકમાં આ સુરક્ષાયંત્રણા હજી પૂરી વિકસી હોતી નથી એટલે એ *અજાણી* ચીજ બહાર આવવાના બદલે અંદરની તરફ સરકી જાય છે.

**અહીંથી શરૂ થાય છે મોંકાણ...**

આપણા શરીરમાં અન્નનળી અને શ્વાસનળી ઉપર-નીચે હોય છે. કુદરતી રચના એવી છે કે આપણે ખાતાં હોઈએ ત્યારે શ્વાસનળીની ઉપરનો પડદો બંધ રહે, જેથી ખોરાક અન્નનળીમાં જાય. બાળકે ભૂલમાં કોઈ ન ખાવા જેવી ચીજ મોઢામાં નાખી દીધી હોય અને એ અન્નનળીમાં જાય તો કાં એ પેટમાં સરકે અથવા તો અધવચ્ચે અટકે.

એના લીધે બાળકને ગળામાં દુખાવો થાય. એટલે સુધી કે એ થૂંક પણ ગળે ન ઉતારી શકે. જો કે એ કરતાંય ખરાબ હાલત તો કોઈ ચીજ શ્વાસનળીમાં પહોંચે ત્યારે થાય.

ઈએનટી સર્જન ડૉ. હિમાંશુ ઠક્કર કહે છે કે સિક્કા, ખીલી, રબરના ટુકડા જેવી ફોરેન બૉડી શ્વાસનળીમાં જાય તો ખરા અર્થમાં મુશ્કેલી ઊભી થાય. આપણી વિન્ડપાઈપ પાતળી હોવાથી એમાં ફોરેન બૉડી જવાથી એ સાવ રૂંધાઈ જાય એવું બને. એવે વખતે શરીરને ઑક્સિજન ન મળે. આ અવસ્થા કોઈ પણ માટે જીવલેણ સાબિત થઈ શકે.

**ઉપર જોખમ... ને નીચે પણ ખતરો!**

શ્વાસનળીના મુખ પાસે કોઈ ચીજ અટકી જવાના બદલે એ અંદરની તરફ જાય તોય એ અધવચ્ચે *ટ્રેકિયા* તરીકે ઓળખાતા હિસ્સામાં કે બે ફેફસાંમાં ખૂલતી બ્રોન્કસમાં તો અટકવાની જ છે, કારણ કે શ્વાસનળીનો આ ભાગ તો એકદમ સૂક્ષ્મ હોય છે. કોઈ ચીજને એનાથી આગળ વધવાની શક્યતા ન હોવાથી એ ચીજ બ્રોન્કસના આવરણ સાથે ચોંટી જાય છે. એને લીધે ત્યાં સોજો આવી શકે કે બાળકને ઈન્ફેક્શન થઈ શકે. ઉધરસ, તાવ કે શ્વાસ લેવામાં તકલીફ, વગેરે એનાં લક્ષણ છે, પરંતુ આ લક્ષણ બીજી અનેક વ્યાધિમાં પણ કૉમન છે.

ઈન્ફેક્શન વકરીને ન્યુમોનિયા થાય કે ફેફસાંમાં હવા જતી ઓછી થાય અને એ ફેફસું કામ કરતું બંધ થઈ જાય ત્યારે એની ગંભીરતાનો અંદાજ આવે.

**આ ભયસ્થાન જાણી-સમજી લો...**

રાજકોટમાં *ડૉ. ઠક્કર ઈએનટી હૉસ્પિટલ* ધરાવતા હિમાંશુભાઈ કહે છે કે આવે વખતે શ્વાસનળીની અંદર તદ્દન બારીક લેન્સ ધરાવતા કૅમેરા (સ્કોપ) સાથે પાતળો ચીપિયો (ફોરસેપ્સ) નાખી પેલી ફોરેન બૉડી કાઢવી પડે. જો કે બાળકોમાં આ મેડિકલ પ્રોસિઝર જોખમી ગણાય છે. શ્વાસનળીનું આવરણ એટલું પાતળું હોય કે એમાં છિદ્ર પડી શકે, એમાંથી હવા બહાર આવી આખા શરીરમાં ફેલાઈ શકે (એને લીધે શરીર ફૂલી જાય) તો ક્યારેક એ પ્રોસિઝર પાર પડ્યા પછીય એટલા હિસ્સામાં સોજો ચડી શકે.

આ બધાથી બચવાનો ઈલાજ એ જ છે કે ઘરમાં નાનું બાળક હોય તો એના હાથમાં આવી જોખમી ચીજ ન આવે એની કાળજી રાખવી. આવી *જોખમી* ચીજમાં સૌથી કૉમન છે સિંગદાણા.

મોટી ઉંમરના માણસો વળી જે વસ્તુ ગળી જાય છે એમાં સૌથી કૉમન છે એક દાંતનું ચોકઠું!

feedback2hiren@chitralekha.com





## આ ચોમાસે કાનની પીડા પણ સાંભળજો...

ક્યાંક હરખનાં આંસુ તો ક્યાંક હાલાકી વેરતું-રેલાવતું ચોમાસું દેશભરમાં આગળ વધી રહ્યું છે. વર્ષા ઋતુનો મિજાજ એવો છે કે અચ્છેઅચ્છા લોકોને એ માંદા પાડી દે. એટલું ખરું કે પૂરતી કાળજી લો અને માથે વરસતું પાણી જોઈને વધારે પડતાં ટાંયલાવેડા ન કરો તો તબિયતને બહુ વાંધો આવતો નથી.

મતલબ કે વરસાદમાં રખડવાની-પલળવાની કે મકાઈના ભુટ્ટા અથવા કાંદાભજી ખાવાની મજા લો, પરંતુ એ વખતે થોડી તકેદારી પણ રાખો તો વરસાદની મજા માણવાનો આનંદ ચોક્કસ વધારે આવશે.

ચોમાસાની સૌથી કૉમન વ્યાધિ ગણવી હોય તો એ છે શરદી-ઉધરસ અને ક્યારેક તાવ. પહેલી નજરે આ બધું સામાન્ય લાગે, પણ ક્યારેક એ થોડું ગંભીર રૂપ પણ લઈ લે અને આવી ગંભીર ઉપાધિમાં મુખ્ય છે કાનમાં થતાં ઈન્ફેક્શન.

**કાનનું કામ માત્ર સાંભળવાનું નથી!**



કબૂલ, આપણામાંથી મોટા ભાગના લોકો માટે કાન એટલે અવાજ સાંભળવા માટેની ઈન્દ્રિય. અવાજના તરંગ કાનના પડદા સાથે અફળાય અને પડદા પાછળની ત્રણ નાની હાડકી એ તરંગને ઝીલી અંતકર્ણ (કાનના સૌથી પાછળના હિસ્સા)ની મદદથી મગજ સુધી એ સંદેશા રૂપે મોકલે એટલે આપણને એ અવાજ ઓળખાય એવી આપણી કર્ણવ્યવસ્થા-મિકેનિઝમ છે.

જો કે રાજકોટના *ઈએનટી* સર્જન (કાન, નાક, ગળાના રોગોના નિષ્ણાત) **ડૉ. હિમાંશુ ઠક્કર** કહે છે કે આપણા આખા શરીરનું સંતુલન જાળવવાનું કામ કાનનો સૌથી અંદરનો એટલે કે પાછળનો હિસ્સો (અંતકર્ણ) જ કરે છે. એ હિસ્સાને કોઈ રીતે નુકસાન પહોંચે કે ઈન્ફેક્શનની અસર થાય તો સંતુલન-બૅલેન્સ ખોરવાઈ જવાને કારણે માણસને ચક્કર આવે.

**ભીની ભીની મોસમ... પરેશાની પારાવાર**

કાનમાં ઈન્ફેક્શન થવાનું મુખ્ય કારણ છે વાતાવરણનો ભેજ. એમ ને એમ પણ કાનમાં પાણી જાય તો કાનમાં પાણી જમા થવાથી એમાં ઈન્ફેક્શન થઈ શકે અને એ જગ્યાએ ફંગસ જામવા માંડે. કાનના આગલા ભાગની ચામડી બહુ કોમળ હોય. એમાં ઈન્ફેક્શન થાય એટલે આપણને ચળ આવે, સાહજિક રીતે આપણે ત્યાં ખંજવાળીએ તો ચામડી છોલાય અને કોઈકને વળી ત્યાં ફોડલી પણ ઊપસી આવે.

આવી સંવેદનશીલ જગ્યાએ વધારે પડતું ખંજવાળાઈ જાય તો કાન લાલાશ પડતો થઈ જાય, બહુ પીડા થાય, કાનમાંથી રસી પણ નીકળે અને ક્યારેક માણસને સાંભળવામાં તકલીફ પણ પડે. તબીબી ભાષામાં આ સ્થિતિને *ઓટાઈટિસ એક્સ્ટર્ના* તરીકે ઓળખવામાં આવે છે.

**આ ટ્યૂબ પણ આપી શકે તકલીફ...**

ડૉ. હિમાંશુ ઠક્કર કહે છે કે આપણાં નાક, કાન અને ગળું એ ત્રણેય અંદરોઅંદર એકમેક સાથે સંકળાયેલાં છે. એમને એકબીજા સાથે જોડતી આવી એક કડી છે યુસ્ટેશિયન ટ્યૂબ. આ નળી મૂળ તો કાનમાં પ્રેશર જાળવવાનું કામ કરે છે. ઊંડાં પાણીમાં કે ક્યારેક ફ્લાઈટમાં આ પ્રેશર ન જળવાય તો કાનમાં સણકા (બેરોટ્રોમા) ઊપડે છે.

ચોમાસાના દિવસોમાં આમ પણ ગળા અને નાક-કાનના ઈન્ફેક્શનનું પ્રમાણ વધારે જોવા મળે છે. એવી હાલતમાં શરદી કે બીજા ચેપની અસર કાન સુધી પહોંચે તો નાકની પાછળના હિસ્સામાં પ્રવાહી જમા થઈ કાન માટે જોખમ ઊભું કરે છે.

**પાતળા પડદાનું કદાવર કામ...**

કાનના ત્રણ ભાગ (બાહ્ય, મધ્ય અને અંતકર્ણ) હોય અને એમાં બહારના ભાગ પછી પડદો હોય, જે અંદરના ભાગનું રક્ષણ કરે છે. અવાજને મગજ સુધી પહોંચાડવા ઉપરાંત પાણી, કચરો, વગેરેને કાનની અંદર જતાં રોકવાનું કામ આ પાતળા પડદાનું છે. નાનપણથી સતત રહેતી (અને ઝાઝા ઈલાજ વગર છોડી દીધેલી) શરદી, કોઈ બાહ્ય ઈજા કે ફંગલ ઈન્ફેક્શનને કારણે કાનમાં રસી થઈ હોય તો એ... આવાં અનેક કારણસર પડદામાં કાણું પડી શકે.

ઘણા લોકોને અમથા અમથાય કાનમાં પિન કે ટૂથપિક જેવી વસ્તુ નાખવાની આદત હોય. એનાથી મેલ તો નીકળતો નીકળે, પણ પડદાને ક્યારેક ઈજા પહોંચે. પછી થાય એવું કે એ ઈજા વકરી જાય અને જતે દહાડે માણસને બહેરાશ આવતી જાય.

**આટલી કાળજી લો...**

સામાન્ય રીતે કાનમાં જામતો મેલ આપોઆપ નીકળી જ જતો હોય છે એટલે કાનમાં આંગળી કે કોઈ અણીદાર ચીજ નાખીને એ કાઢવાનો પ્રયાસ ન કરો. એનાથી મેલ ઊલટો અંદરની તરફ ધકેલાઈને પડદા સાથે ચોંટી જાય છે. કાનમાં કોઈ પણ કારણસર ફંગલ ઈન્ફેક્શન થયું હોય કે દુખાવો થતો હોય તો એને અવગણો નહીં. કાનમાં પાણી ન જાય એનું ધ્યાન રાખો. સ્વિમિંગ વખતે ઈયર પ્લગનો ઉપયોગ કરો.

રાજકોટના *ઈએનટી* સર્જન ડૉ. હિમાંશુ ઠક્કર કહે છે કે ડાયાબિટીસના દરદીઓએ તો ભેજવાળા વાતાવરણમાં વધારે ચેતતા રહેવા જેવું છે, કારણ કે એમને કાનમાં ભેજની અસર થવાની શક્યતા પણ બહુ વધારે છે. એનાં પરિણામ છે ઊલટી, ચક્કર અને માથાનો સખત દુખાવો.

feedback2hiren@chitralekha.com



Dr. Thakkar's Ent Hospital

# Public awareness article in chitralekha about voice care & hearing care

CHITRALEKHA

## હેલ્થ-હેલ્પલાઈન

# સ્વરપેટીઃ આ 'વાજું' વંકાય ત્યારે...

શિયાળો એટલે મૂળ તો તબિયત બનાવવાની ઋતુ. જો કે આ સીઝન કેટલીક વ્યાધિ પેદા કરે છે અને વકરાવે પણ છે. એવી એક વ્યાધિ એટલે તબીબો જેને *લેરિન્જાઈટિસ* તરીકે ઓળખે છે એ. *લેરિન્ક્સ* એટલે આપણી સ્વરપેટી કે કંઠમાળ અને એના પર કોઈ કારણસર સોજો ચડે એ વ્યાધિ એટલે *લેરિન્જાઈટિસ.*

શિયાળો જેમને માફક ન આવતો હોય એમને આ સીઝનમાં શરદી-કફ, વગેરે રહે. વળી, ઠંડકને લીધે વાતાવરણ સૂકું રહેતું હોય. આ બધું સીધી યા આડકતરી રીતે લેરિન્જાઈટિસને નોતરે છે.

### સોજો આવવાનાં શું છે બીજાં કારણ?

રાજકોટના ઈએનટી સ્પેશિયાલિસ્ટ (નાક-કાન-ગળાની બીમારીના નિષ્ણાત) ડૉ. હિમાંશુ ઠક્કર કહે છે કે સ્વરપેટીનો લાંબા સમય સુધી ઉપયોગ (સાદી ભાષામાં કહીએ તો ઝાઝું બોલ બોલ) એ લેરિન્જાઈટિસનું સૌથી મોટું કારણ છે. આ જ કારણે શિક્ષકો, ગાયકો અને નેતામંડળીમાં કંઠમાળનો સોજો એ અતિ સામાન્ય વ્યાધિ ગણાય છે. એમાં પણ આવી કોઈ વ્યક્તિને વાઈરલ કે બૅક્ટિરિયલ ઈન્ફેક્શન થાય તો એનું ગળું બેસી જાય અને અવાજ ઘોઘરો થઈ જાય.

લાંબો સમય ધૂળિયા વાતાવરણમાં રહેનારા, કેમિકલના ધુમાડા સતત જેમના શ્વાસમાં જતા હોય કે ધૂમ્રપાનના બંધાણી હોય એવા લોકો પણ લેરિન્જાઈટિસનો શિકાર બની શકે છે.



*સ્વરપેટીની રચના*

### કંઠમાળ કામ કરે છે કઈ રીતે?

આપણા ગળાના નીચેના ભાગમાં હોય છે સ્વરપેટી. આશરે ચાર ઈંચનો આ હિસ્સો જ આપણને વાચા આપે છે. એમાંય કંઠમાળ (લેરિન્ક્સ)નો ટોપી જેવો ઉપલો ભાગ અને શ્વાસનળી જ્યાંથી શરૂ થાય છે એ લેરિન્ક્સનો નીચેનો ભાગ બાદ કરો તો અવાજ ઉત્પન્ન કરતી બે વૉકલ કોડ તો એકાદ સેન્ટિમીટર જેટલી માંડ હોય.

બે વૉકલ કોડ વચ્ચે પડદો હોય અને એ ઉઘાડ-બંધ થવાથી જ સ્વરના આરોહ-અવરોહ પેદા થાય. ઘણાખરા માણસ આખા દિવસમાં કંઈક ને કંઈક બોલતા-ગણગણતા રહેતા હોય છે. જો કે આપણા કંઠ કે ગળાની રચના એવી રીતની છે કે આપણે કંઈક ખાતા હોઈએ ત્યારે સ્વરપેટીનો પડદો બંધ થઈ જાય છે, જેથી ખોરાક લેરિન્ક્સ કે એમાંથી શ્વાસનળીમાં ન જાય.

### શું છે લેરિન્જાઈટિસનાં લક્ષણ?

ડૉ. ઠક્કર કહે છે કે ઈન્ફેક્શન કે બીજાં કારણસર કંઠમાળ પર સોજો ચડે તો માણસનો અવાજ બદલાઈ જાય. કોઈનો અવાજ રૂક્ષ થઈ જાય તો કોઈકનો અવાજ તો વળી નીકળે જ નહીં. એ વખતે માણસને થોડુંઅમથું બોલવામાંય શ્રમ પડે કે હાંફ ચડે. એમનું ગળું સુકાય અને સૂકી ઉધરસ પણ આવે.

આ લક્ષણ અને એ કેટલો સમય દેખા દે છે એના આધારે લેરિન્જાઈટિસને એક્યુટ અથવા *ક્રોનિક* એમ બે પ્રકારે ઓળખવામાં આવે છે. લાંબા ગાળા સુધી જેની અસર વર્તાય છે એવા *ક્રોનિક લેરિન્જાઈટિસ*માં વૉકલ કોડના પડદા પર સતત ઘસારાને લીધે મસા જેવો દાણો ઊપસી આવે, જે સ્વરપેટીને સરખી બંધ જ ન થવા દે. શિક્ષકો અને ગાયકોને એમના ગળાના વધુપડતા ઉપયોગને કારણે આ થવાની શક્યતા વધુ રહે છે અને એટલે એને *ટીચર્સ નોડ્યુલ* અથવા *સિંગર્સ નોડ્યુલ* પણ કહે છે.

### આ જોખમ વિશે પણ જાણી લો...

અત્યારની ફાસ્ટ લાઈફને લીધે ઘણા લોકો ઍસિડિટીથી પીડાય છે. કામકાજમાં વ્યસ્ત માણસ ઘરે મોડો પહોંચે અને જેમ-તેમ ખાઈને સીધો પલંગ પર લંબાવી દે. આ કારણે ખોરાક બહુ પચે નહીં અને શરીરમાં ઍસિડિટી પેદા કરે. આવો ઍસિડ અન્નનળીથી ઉપર ચડે અને સ્વરપેટી સુધી પહોંચી એને નુકસાન કરે. એને કહેવાય *રિફ્લક્સ લેરિન્જાઈટિસ.*

નાની વયનાં બાળકોને વળી સ્વરપેટીના ઉપલા હિસ્સામાં બૅક્ટિરિયલ ઈન્ફેક્શનને કારણે તકલીફ થઈ શકે. એમને તાવ આવે, ખોરાક ગળે ન ઊતરે, મોંમાંથી સતત લાળ પડે અને એ રડે તોય અવાજ ન નીકળે એટલી હદે સ્વરપેટી બગડી જાય. આ અવસ્થા ક્યારેક જીવલેણ પુરવાર થઈ શકે છે.

- અને હા, કંઠમાળ પર અવારનવાર સોજો ચડવાની કે લાંબો સમય સોજો રહેવાની સ્થિતિ લેરિન્ક્સનું કેન્સર નોતરી શકે છે!

### અવાજ બંધ થઈ જાય એ પહેલાં ચેતો...

ઈએનટી સર્જન ડૉ. હિમાંશુ ઠક્કર કહે છે કે સ્વરપેટીની માવજત માટે સૌથી જરૂરી છે એને આરામ આપવાનું. મતલબ કે ખપ હોય ત્યારે જ એનો ઉપયોગ કરો. શિક્ષક કે લાંબો સમય બોલવાનું જેમના માટે અનિવાર્ય હોય એમણે વચ્ચે વચ્ચે નવશેકું પાણી પીતાં રહેવું, જેથી ગળું સુકાય નહીં. આવા લોકોને સ્વરપેટીના પડદા પર મસા જેવું થાય તો એ નાનકડી સર્જરીથી દૂર કરી શકાય છે. જો કે બહેતર છે કે એનું પુનરાવર્તન ન થાય એની તકેદારી લેવામાં આવે.

ઍસિડિટીથી બચવા ઝાઝું તીખું-તળેલું ન ખાવું અને ખાસ તો રાતના સમયે પેટનો ઍસિડ ગળા સુધી ન આવે એ માટે જમ્યા પછી તરત ગાદલાંભેગું ન થવું. ગળું સાચવવા ઘરગથ્થુ ઉપચાર તરીકે હળદર-મીઠાવાળું પાણી પીવું તથા ગરમ પાણીના કોગળા કરવા.



## હેલ્થ-હેલ્પલાઈન

# આંખની વ્યાધિનું મૂળ નાકમાં!

ડાયાબિટીસ એક એવી બીમારી છે, જે બીજા અનેક રોગ નોતરે છે. ડાયાબિટીસના દરદીની રોગપ્રતિકારક શક્તિ પણ ઓછી થઈ ગઈ હોય એટલે લાગ જોઈને બેઠેલી ઘણી ઉપાધિ એના શરીર પર આક્રમણ કરે. આ જ કારણે ડાયાબિટિક પેશન્ટને તબીબો માત્ર એની ખાણી-પીણી જ નહીં, પરંતુ બીજી ઝીણી ઝીણી બાબત માટે પણ સચેત રહેવાનું સૂચવે છે.

આવા દરદીને કંઈ વાગે તો ઝટ રૂઝ ન આવે ને ક્યારેક તો એ ભાગ એવો સડી જાય કે ગેંગ્રીનની અસરને લીધે શરીરનો એટલો હિસ્સો કપાવી નાખવો પડે. એ જ રીતે ડાયાબિટીસથી પીડાતી વ્યક્તિને *નાકસૂર* એટલે કે *ડેક્રિયોસિસ્ટાઈટિસ* થાય તો એની દૃષ્ટિ જવાની પણ શક્યતા છે.



### શું છે આ ડેક્રિયોસિસ્ટાઈટિસ?

રાજકોટના જાણીતા ઈએનટી સર્જન **ડૉ. હિમાંશુ ઠક્કર** કહે છેઃ 'એનો અર્થ થાય અશ્રુગ્રંથિનું ઈન્ફેક્શન અને એને પરિણામે આવતો સોજો.'

આપણી આંખની નીચેના હિસ્સામાં *લેક્રિમલ સેક* અને ડક્ટ એટલે કે આંસુનો સંગ્રહ કરતી થેલી અને એનું વહન કરતી સૂક્ષ્મ નળી હોય. આપણે જેને આંસુ તરીકે ઓળખીએ છીએ એ પ્રવાહી આંખમાં બરાબર આવતું-જતું રહે તો આંખ ભીની રહે અને એની કામગીરી ભજવતી રહે, પરંતુ કોઈ કારણસર એ પ્રવાહી વહે નહીં તો એ જમા થઈને એમાં ઈન્ફેક્શન થઈ શકે, જે ક્યારેક ચીપડા અથવા તો રસી રૂપે પણ બહાર આવી શકે.

### આંસુનું પ્રમાણ જળવાય કઈ રીતે?

*લેક્રિમલ સેક*માંથી પાતળી નલિકા મારફત આંસુ આંખમાં આવતાં રહે છે. આપણે આંખ પટપટાવીએ ત્યારે એ પ્રવાહી થોડી થોડી માત્રામાં બહાર આવે. આ એક એકદમ સાહજિક પ્રક્રિયા છે એટલે આપણને એનો અંદાજ આવતો નથી. એ ઉપરાંત, વધારાનું પ્રવાહી આંખ અને નાક વચ્ચેની નળીમાંથી નીકળી જઈ નાકમાં આવે છે. સંજોગવશાત્ આ નળીમાં અવરોધ આવે (બ્લૉક થઈ જાય) તો વધારાનું પ્રવાહી નાકમાંથી બહાર વહી જતું અટકે છે.

શરીર વધારાની કોઈ ચીજ સંઘરતું નથી અને સંઘરે તો એ જરૂર આફત નોતરે છે. આંખમાંથી નાકમાં ન વહી શકતું પાણી પણ *ડેક્રિયોસિસ્ટાઈટિસ*ના રૂપે મુશ્કેલી ઊભી કરે છે.

### આમાં નાકનો શું વાંક?

પચાસ ટકાથી વધુ બાળકો આ સમસ્યા સાથે જન્મે છે, પણ પછીના આઠ-દસ મહિનામાં ઘણુંખરું આપોઆપ જ ડેક્રિયોસિસ્ટાઈટિસ મટી જાય છે. નવજાત શિશુને હળવા હાથે આંખ-નાક નજીક માલિશ કરવાથી પણ એમની લેક્રિમલ ડક્ટમાં કોઈ અંતરાય હોય તો એ દૂર થઈ શકે.

જો કે ઉંમર વીતતી જાય એમ માણસને નાકનું હાડકું મોટું કે ત્રાંસું થાય અથવા નાકમાં મસા થાય તો આંસુનું વહન કરતી નળીમાં એ અવરોધ પેદા કરે. અકસ્માત કે બીજી કોઈ રીતે નાક અને આંખ વચ્ચેનું હાડકું હલે તો એને લીધે પણ લેક્રિમલ ડક્ટ પર દબાણ આવી શકે.

એની અસર ભલે આંખમાં દેખાય, પણ એ સમસ્યાનું મૂળ નાકમાં છે.

### નજરે દેખાય છે આ પરિણામ...

અશ્રુગ્રંથિને ઈન્ફેક્શન લાગુ પડે એટલે આંખમાં લાલાશ પ્રસરી જાય, આ વ્યાધિનું મૂળ છે એ નાક નજીકના હિસ્સામાં સોજો આવે અને ત્યાં દુખાવો થાય. નાકના પોલાણમાંથી ન નીકળી શકતું પ્રવાહી આંખમાંથી બહાર આવવા પ્રયાસ કરે એટલે સતત આંસુ નીકળતાં હોય એવુંય લાગે. આંખને ભીની રાખવા જરૂરી એવા આ પ્રવાહીની માત્રા બહુ વધી જાય તો એમાં બૅક્ટેરિયલ ઈન્ફેક્શન થાય અને માણસને તાવ આવી શકે.

સામાન્ય રીતે *ડેક્રિયોસિસ્ટાઈટિસ* કોઈ એક આંખમાં જ જોવા મળે છે. સમયસર ઉપચાર કરાવી લેવામાં આવે તો દવા, આંખનાં ટીપાં કે મલમથી આઠ-દસ દિવસમાં આ વ્યાધિ દૂર થઈ શકે, પરંતુ અવારનવાર આવી સમસ્યા ઊભી થાય અને યોગ્ય કાળજી લેવામાં ન આવે તો જતે દહાડે *ક્રોનિક ડેક્રિયોસિસ્ટાઈટિસ* કહી શકાય એવી હાલત થાય.

### ઈલાજઃ અંદરથી ને બહારથી...

કાન, નાક અને ગળાના રોગના નિષ્ણાત ડૉ. હિમાંશુ ઠક્કર કહે છે કે આંખમાંથી વધારાનું પ્રવાહી બહાર લઈ જતી નળી લાંબો સમય બંધ રહે તો એ પ્રવાહી આંખમાં જ જામેલું રહે. પરિણામે માણસને ઝાંખું દેખાય અને આંખમાં રસી થવાનો પણ ભય રહે. એમાંય ડાયાબિટીસના દરદીને *ઓર્બિટલ સેલ્યુલાઈટિસ ઈન્ફેક્શન*ના રૂપે આંખ જવાની ભારોભાર શક્યતા રહે.

આ હાલતમાં દરદી માટે અશ્રુગ્રંથિ પર સર્જિકલ પ્રોસેસ કરાવવાનો જ વિકલ્પ છે. એ પ્રક્રિયા આંખમાં થઈ શકે અથવા તો નાકના હાડકામાં છિદ્ર પાડીને થઈ શકે. નાકમાં રસોળીને કારણે અશ્રુગ્રંથિ રૂંધાતી હોય તો નાકમાંથી જ *નાકસૂર*નું ઑપરેશન થાય.



CHITRALEKHA



# આજે ઇન્ટરનેશનલ ઈયર કેર ડે નિમિત્તે આપણાં કાનની જાળવણી વિશે થોડું જાણીએ

■ A latest slider ■ GUJARAT NEWS

રાજકોટ- આજના યુગમાં લોકો જેટલા કામમાં વ્યસ્ત નથી હોતા તેટલા મોબાઇલ ફોનમાં વાતચીત કરવામાં વ્યસ્ત જોવા મળે છે. અને ચાલુ વાહન પર મોબાઈલમાં વાતચીત કરવી અથવા ઈયર ફોનમાં સંગીત સાંભળવું આ બધું લાંબા સમયે કાનને નુકશાન કરતું હોય છે. લોકો શરીરમાં થતી નાની નાની તકલીફો પર ધ્યાન આપતાં નથી અને તે લાંબા સમય મોટી બીમારી થઇ જતી હોય છે. આજે ઇન્ટરનેશનલ ઇયર ડે છે ત્યારે આપણે કાનની જાળવણી વિશે થોડું જાણીએ.

કાન એ શરીરનું ખૂબ જ અગત્યનું અંગ છે. કારણ કે સાંભળવાથી જ માનસિક તથા શૈક્ષણિક વિકાસ શક્ય બને છે. શ્રવણશક્તિના અભાવે સમાજમાં વ્યવહાર કરવો મુશ્કેલ બને છે.

**હવે આપણે જાણીએ નાનપણમાં થતાં કાનનાં રોગો વિશે જાણીએ.**

બાળકોને શરદી, ઉધરસ, ઓરી, અછબડા, કાકડા, નાકના મસા જેવા દર્દો વારંવાર થાય તેથી કાનમાંથી રસી આવે છે. આની યોગ્ય સારવાર ન થાય તો દર્દ આગળ વધતું રહે છે. સડો ઊંડો બેસે છે અને કાયમી રસી તથા બહેરાશ આવી શકે છે.

ઘણી વખત કાયમી શરદીને લીધે બાળકોને નાક અને કાનથી વચ્ચે જોડતી નળીઓમાંથી કાનનાં પડદા પાછળ પાણી ભરાઇ જાય છે. તેને એસઓએમ કહેવાય છે. જેનાથી બહેરાશ પણ આવી શકે છે. બાળકને સાંભળવાની તકલીફને લીધે બાળક અભ્યાસમાં પાછળ રહે છે. કાનમાંથી આવતા રસીના આધારે કાનના રોગોનું નિદાન તથા સારવાર નક્કી કરી શકાય છે.

**કાનમાં રસી બે પ્રકારની હોય છે.**

**૧) કાનમાં ચીકાશવાળી ગંધ વિનાના અને વધારે પ્રમાણમાં અવારનવાર આવતી રસી**

સામાન્ય રીતે આ પ્રકારના દર્દીઓનું પ્રમાણ વધારે જોવા મળે છે. તેનું મુખ્ય કારણ કાનની અંદર પડદામાં કાણું હોય છે. ગમે ત્યારે કાનમાં પવન, ધૂળ, ગંદુ પાણી તથા શરદી થાય ત્યારે ચીકાશવાળી ગંધ વગરની રસી આવતી હોય છે. સામન્ય રીતે દવા, ટીપાં તથા રેગ્યુલર કાનની સફાઇ કરવાથી રસી બંધ થાય છે. પરંતુ કાનનાં પડદામાં કાણું રૂઝાતું નથી અને લાંબા સમયે બહેરાશ આવે છે.

આવા કિસ્સામાં કાનના પડદાનું ઓપેરશન જરૂરી બને છે. આ ઓપરેશન ન કરાવવાથી દર્દીને વારંવાર રસી થવાની સંભાવના રહે છે. અને ધીમે ધીમે બહેરાશ વધે છે. આ ઓપરેશનમાં દર્દીને પોતાના જ ટેમ્પોટલ સ્નાયુ પરનું પડ વપરાય છે. આ ઓપેરશનના દિવસથી જ પરિણામ ઘણું સારુ જોવા મળે છે. દર્દીના ઓપેરશનના દિવસથી ખાઇ-પી, હરી-ફરી શકે છે. હોસ્પિટલમાંથી તે જ દિવસે સામાન્ય રીતે રજા અપાઇ જતી હોય છે.

**૨) કાનમાં સતત અથવા સમયાંતરે પણ દુર્ગંધ સાથે તથા કયારેક લોહીવાળી રસી આવવી**

જેમાં દુર્ગંધ મારતી રસી આવતી હોય આ પ્રકારની રસી કાનના હાડકાના સડાને લઇને થતી હોય છે. તે એક ગંભીર રોગ છે. કાનનો સડો ઉધઇની જેમ હાડકું કોરતો રહે છે. તેના નીચે મુજબના ગંભીર પરિણામો આવી શકે છે.

૧) સંપૂર્ણ બહેરાશ. ૨) ચક્કર આવવા, ઉલટી થવી અને માથાનો દુ:ખાવો થાય. ૩) મોઢું ત્રાસું થઇ જાય. ૪) ટાઢ લાગે અને તાવ આવે. ૫) કાનની પાછળ ગુમડું થાય. ૬) મગજનો તાવ અને મગજમાં ગુમડું થવું.

લાંબા ગાળે આ રોગ જીવલેણ નીવડે છે. આ રોગનો ઉપાય કોઇ દવાથી થાય નહી પણ ઓપેરશન કરી સડેલું હાડકું કાઢી નાખવાથી જ રાહત થઇ શકે છે.

**ઈએનટી સર્જન ડો. હિમાંશુ ઠક્કર પાસેથી જાણીએ કાનની સંભાળ કેવી રીતે રાખશો.**



કાનમાં સળી, પીન, વગેરેથી ખોતરવા નહી તેમ કરવાથી પડદા તથા નળીમાં નુકશાન થઇ શકે છે. કાનમાં લસણનું તેમાં ફીણ આવે તેવી દવા, કેરોસીન, પેશાબ, લાલ ચોપડવાની દવા તથા અન્ય કઈ પણ ચીજવસ્તુ નાંખવી નહી. કાનમાં રસી આવતી હોય ત્યારે વારંવાર સાફ કરવી જોઇએ અને ડોકટરની સલાહ મુજબ ટીપાં નાંખવા.

કાનને ધૂળ, ધૂમાડો, રજકણ, પવન, ઘોઘાટ જેવા વાતાવરણ દૂર રાખવા અને કાનમાં રૂ રાખવું કાનમાં જીવજંતુ કે કોઇપણ વસ્તુ પેસી જાય તો ઉતાવળથી કાઢવાનો પ્રયત્ન ન કરતાં યોગ્ય ડોકટરની સલાહ લેવી. નાકની શરદીની સમયસર સારવાર લેવી અને બાળક સાંભળતું નથી તેવી શંકા જાય તો તરત ડોકટરની સલાહ લેવી. કાનની બહેરાશ તથા કાનની રસીને અવગણવા નહી. સમયસર નિદાન તથા સારવાર કરવાથી કાન જેવાં કોમળ અંગને થતું નુકશાન અટકાવી શકાય છે.

# SBS radio gujarati podcast about ear care & allergy problems

SBS ગુજરાતી

## ઓસ્ટ્રેલિયા આવનાર ભારતીય મૂળના લોકોને એલર્જીનું જોખમ વધુ



ઓસ્ટ્રેલિયામાં સ્થાયી થનાર ભારતીય મૂળના લોકો અને તેમના અહીં જન્મેલા સંતાનોને વિવિધ પ્રકારની એલર્જી થવાનું જોખમ વધારે હોય છે. શા માટે અને કઈ છે આ **allergies** તેની ચર્ચા કાન, નાક ગળા ના નિષ્ણાત ડો હિમાંશુ ઠક્કર સાથે કરીએ.

Scan to Listen
The Podcast

SBS ગુજરાતી

## ઓસ્ટ્રેલિયામાં ઉનાળા દરમિયાન તમારા કાનની સંભાળ કેવી રીતે લેશો?



ઓસ્ટ્રેલિયામાં ઉનાળા દરમિયાન સ્વિમીંગ કરતી વખતે કાનની કાળજી રાખવી જરૂરી બની જાય છે. **ENT** સર્જન ડો. હીમાંશુ ઠક્કરે **SBS Gujarati** સાથેની વાતમાં કાનની સંભાળ માટેના પાંચ મુખ્ય મુદ્દા સમજાવ્યા હતા.

---

1. કાનમાં ક્યારેય કોઈ વસ્તુ નાખવી નહીં.
2. સ્વીમીંગ કરતી વખતે ઈયર પ્લગ અને કાન ઢંકાય તેવી કેપ પહેરવી
3. નિયમિત રીતે ડોક્ટર પાસે કાન તપાસ કરાવવા
4. દુખાવો થાય તો ડોક્ટરની સલાહ વિના ઈયર ડ્રોપ્સ વાપરવા નહીં.
5. અમુક દવાઓની કાન અને શ્રવણ શક્તિ પર આડ અસર થતી હોય છે તેથી કોઈ પણ માંદગીમાં ડોક્ટરની સલાહ વિના દવા લેવી નહીં.

દરેક મુદ્દાની વિગતો જાણવા ડો હિમાંશુ ઠક્કરની મુલાકાત સાંભળો.

Scan to Listen
The Podcast

# SBS radio gujarati podcast about hearing care & foreign body problems in children



## How loud is too loud ?



ENT Surgeon Dr Himanshu Thakkar helps us choose the right kind of headphones and set our music volume at safe levels to prevent hearing loss.

Scan to Listen
The Podcast



## Warning signs to tell if something is stuck in your nose and throat



Symptoms of something stuck in your food or wind pipe are quite similar to a common cold or cough. How will you identify a potential harmful foreign body lodged in your nasal passage or in your throat ? ENT Surgeon Dr Himanshu Thakkar tells us about the warning signs to look out for , especially in case of young children.

Scan to Listen
The Podcast

# Public awareness pod cast on sbs radio gujarati in australia

અબતક

સાંધ્ય દૈનિક

## ઈએનટી સર્જન ડો. હિમાંશુ ઠક્કરનો ઈન્ટરવ્યુ ઓસ્ટ્રેલિયા રેડીયો પર પ્રસિધ્ધ થયો

### અલગ અલગ વિષયમાં અને રોગ અંગે માહિતી આપી



અબતક રાજકોટ

ઑસ્ટ્રેલિયાની SBS રેડિયો ગુજરાતી ચેનલ દ્વારા કાનની સંભાળ વિષે ઈએનટી સર્જન ડો હિમાંશુ ઠક્કરનો ખુબજ માહિતી સભર ખાસ ઈન્ટરવ્યૂ ઓસ્ટ્રેલિયામાં રેડિયો પોડકાસ્ટ થયો હતો.

અત્રે પ્રાપ્ત માહીતી મુજબ રાજકોટના જાણીતા ઈએનટી સર્જન ડો હિમાંશુ ઠક્કરે ઓસ્ટ્રેલિયા સ્થિત SBS RADIO GUJRATIને એક ખાસ ઈન્ટરવ્યૂ આપેલ હતો જેમાં ઑસ્ટ્રેલિયામાં ઉનાળા દરમ્યાન કાનને લગતી સમસ્યાઓ અને કઈ રીતે કાનની સંભાળ લેવી તે વિશે ખુબજ સુંદર માર્ગદર્શન આપ્યું હતું. જેમાં કાનમાં ક્યારેય કોઈ વસ્તુ નાખવી નહીં. સ્વીમીંગ કરતી વખતે ઈયર પ્લગ અને કાન ઢંકાય તેવી કેપ પહેરવી. નિયમિત રીતે ડોક્ટર પાસે કાન તપાસ કરાવવી. દુખાવો થાય તો ડોક્ટરની સલાહ વિના ઈયર ડ્રોપ્સ વાપરવા નહીં. અમુક દવાઓની કાન અને શ્રવણ શક્તિ પર આડ અસર થતી હોય છે તેથી કોઈ પણ માંદગીમાં ડોક્ટરની સલાહ વિના દવા લેવી નહીં. વિ વિશે વિસ્તૃત માહીતિ આપેલ હતી. આ ઈન્ટરવ્યૂ સાંભળવા માટે લિંક http://www.sbs.com.au/gujarati આ અગાઉ પણ ડો હિમાંશુ ઠક્કરના ઈન્ટરવ્યું ઑસ્ટ્રેલિયાની SBS રેડિયો ચેનલ દ્વારા પોડકાસ્ટ કરવામાં આવ્યા છે જેમાં એલર્જી વિષે, મોટા અવાજથી થતી બહેરાશ વિષે, કાન નાક ગળામાં કંઈ ફસાય જાય તો શું કરવું ? વિ વિવિધ સમસ્યાઓ વિશે ખુબજ ઉપયોગી માહીતી સભર ઈન્ટરવ્યું ઓસ્ટ્રેલિયા ખાતે પોડકાસ્ટ થયેલ છે. જે રાજકોટ માટે ખુબજ ગૌરવની વાત છે.

સંદેશ ePaper

## ઓસ્ટ્રેલિયાના રેડિયો પર રાજકોટના તબીબનો વાર્તાલાપ



રાજકોટ : રાજકોટના ઈએનટી સર્જન ડો.હિમાંશુ ઠક્કરે ઓસ્ટ્રેલિયા સ્થિત એસબીએસ રેડિયો ગુજરાતની એક ખાસ ઈન્ટરવ્યુ આપ્યો હતો. જેમાં ઓસ્ટ્રેલિયામાં ઉનાળા દરમિયાન કાનને લગતી સમસ્યાઓ અને કઈ રીતે કાનની સંભાળ લેવી તે વિશે માર્ગદર્શન આપ્યું હતુ. જેમાં કાનમાં કયારેક કોઈ વસ્તુ નાખવી નહી, સ્વીમીંગ કરતી વખતે ઈયર પ્લગ અને કાન ઢંકાય તેવી કેપ પહેરવી, નિયમિત રીતે ડોકટર પાસે કાનની તપાસ કરાવવી, દુ:ખાવો થાય તો ડોકટરની સલાહ વિના ઈયર ડ્રોપ્સ વાપરવા નહી, અમુક દવાઓની કાન અને શ્રવણ શકિત પર આડ અસર થતી હોય છે. તેથી કોઈપણ માંદગીમાં ડોકટરની સલાહ વિના દવા લેવી નહી, તે વિશે વિસ્તૃત માહિતિ આપી હતી.

SBS
a world of difference

12 December 2023

Dear Dr Himanshu Thakkar,

Thank you for taking the time to record four interviews with SBS Radio between 2016 to 2020.
www.sbs.com.au/gujarati

Living in a multicultural country like Australia, our audiences are accustomed to hearing medical topics discussed in English through mainstream media. However, having these complex concepts explained and discussed by an expert in their own language, with reference to their unique cultural and traditional contexts, has been very beneficial for our listeners.

We have received overwhelmingly positive feedback from our listeners. Many have expressed their heartfelt gratitude for the opportunity to access such engaging and culturally relevant discussions, which provided both understanding and reassurance.

Please note that all four interviews are available on our website, ensuring that your contributions continue to benefit our audience.

- How loud is too loud? ENT Surgeon Dr Himanshu Thakkar helps us choose the right kind of headphones and set our music volume at safe levels to prevent hearing loss.
- Indians migrating to Australia at higher risk of allergies
- How to take care of your ears during Australian summer
- Warning signs to tell if something is stuck in your nose and throat

Thank you for your invaluable support in raising awareness about various health conditions.

Sincerely,
Nital Desai

**Nital Desai**
**Executive Producer, SBS Gujarati**
**SBS Audio and Language Content**

SBS
a world of difference

દિવ્ય ભાસ્કર

# હેડફોન્સ અને મોબાઈલમાં લાંબી વાતો, રાજકોટના યુવાનો થઈ રહ્યા છે બહેરા

## સતત હેડફોનનો ઉપયોગ અને ફોન પર લાંબી લાંબી વાતો કરવાથી રેડિયો ફ્રિકવન્સી સાંભળવાની ક્ષમતા કાયમીપણે 30થી 40 ટકા જેટલી ઘટી શકે છે

હેલ્થ રિપોર્ટર | રાજકોટ

શહેરના યુવાનો સતત ઈયરફોન અને હેડફોન્સનો ઉપયોગ કરતા જોવા મળે છે. આ ઉપરાંત કલાકો સુધી ફોન પર વાતો કરતા હોય છે. જેને કારણે યુવાનોમાં બહેરાશનું પ્રમાણ ખૂબ જ વધી ગયું છે. મોટાભાગના યુવાનોની શ્રવણશક્તિ 20થી 30 ટકા સુધી ઘટી જાય છે. જે બહેરાશની સમસ્યા 60થી 65 વર્ષે થતી હોય છે તે રાજકોટમાં 30થી 40 વર્ષના યુવાનોમાં જોવા મળે છે. સૌથી મોટી ચિંતાનું કારણ છે કે આ બહેરાશનો કોઈ ઈલાજ નથી તેમને કાયમીપણે ઓછું સંભળાય છે અને તેમની ઉંમર વધતા આ સમસ્યા વધુ ઘેરી બની જાય છે. જે યુવાનો ઈયરફોન્સ અને મોબાઈલને લીધે બહેરા બને છે તેમના સ્વભાવમાં પણ ચીડિયાપણુ આવી જાય છે તેમ તબીબો જણાવે છે.

### બે વર્ષમાં આવી જાય છે બહેરાશ

'જે યુવાનો 80 ડેસિબલ કે તેથી વધુનો અવાજ સતત સાંભળતા હોય તેમની સાંભળવાની ક્ષમતા બે વર્ષમાં 20થી 30 ટકા સુધી ઘટી જાય છે. સમસ્યાના મુખ્ય બે પ્રકારો છે. કંડક્ટિવ કે જે કાનની હાડકીને લીધે થાય, આ સમસ્યામાં સર્જરીથી ફાયદો થાય છે. બીજુ કારણ સેન્સરી ન્યુરલ ડેફિન્સયન્સી છે. જેમાં કાનની નસને નુકસાન થવાથી બહેરાશ આવે છે. નસને નુકસાન થયા બાદ તેનો કોઈ ઈલાજ શક્ય નથી અને દુર્ભાગ્યપૂર્ણ રીતે નસની જ સમસ્યા યુવાનોમાં વધુ જોવા મળે છે.' » ડો. હિમાંશુ ઠક્કર, ઈએનટી સ્પેશિયાલિસ્ટ

### બહેરાશના લક્ષણો

- ટી.વી. વધુ અવાજે જોવું, પરિવારજનો કે મિત્રો સાઉન્ડ ઓછું કરવાનું કહ્યા કરે
- બેથી ત્રણ વખત કોઈ બોલાવે ત્યારે જ ધ્યાન પડે
- કાનમાં સતત તમરા બોલે
- સિટી અને હમિંગનો અવાજ આવે, રાત્રે શાંત વાતાવરણમાં વધુ અવાજ આવે

### બહેરાશનું નિદાન સરળ છે

બહેરાશ આવી છે કે નહિ તેનું સરળ નિદાન પરિવારજનો જ કરી નાખે છે. સાથે ટીવી જોતા હોય ત્યારે કોઈ એકને જ ધીમો અવાજ આવતો હોય એટલે તે વોલ્યુમ વધારે રાખે. આ પરિસ્થિતિમાં તબીબનો સંપર્ક સાધવો જોઈએ. કેટલી બહેરાશ આવી છે તે જાણવા તબીબ ઓડિયોગ્રામની સલાહ આપે છે. ઉપરાંત ઘોંઘાટથી દૂર રહેવું અને હેડફોન્સ અને મોબાઈલનો ઉપયોગ ટાળવો જોઈએ.

દિવ્ય ભાસ્કર

રાજકોટ

## શ્રવણશક્તિ ઓછી થયાની ફરિયાદ દિન-પ્રતિદિન વધી રહી છે: તબીબ

# હેન્ડ્ઝ ફ્રી, મોબાઈલના સતત ઉપયોગથી નાની ઉંમરમાં જ આવી શકે છે બહેરાશ

ઇન્વેસ્ટિગેશન રિપોર્ટર | રાજકોટ

મોબાઈલ ફોનનો ઉપયોગ દરેક માટે આવશ્યક બની ગયો છે, પરંતુ મોબાઈલ તથા હેન્ડ્ઝ ફ્રી, ઈયરફોન, હેડફોનના સતત ઉપયોગથી નાની ઉંમરે બહેરાશ આવવાની સંભાવના વધી જાય છે. હવે 30-40 વર્ષના યુવાનવયે પણ સાંભળવામાં તકલીફ પડતી હોવાની ફરિયાદ લઈને આવતા લોકોની સંખ્યા ચિંતાજનક રીતે વધી રહી છે તેમ કાન-નાક, ગળાના ડો. હિમાંશુ ઠક્કર જણાવી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, ઓસ્ટ્રેલિયામાં દર વર્ષના ઓગસ્ટ મહિનામાં નેશનલ હિયરિંગ અવેરનેસ વીક તરીકે ઉજવણી કરવામાં આવે છે. હૃદય માટે જેમ કાર્ડિયોગ્રામ કરાવાઈ છે તેમ વિદેશમાં વસતા લોકો શ્રવણશક્તિની ક્ષમતા જાણવા દર વર્ષે ઓડિયોગ્રામ રિપોર્ટ કરાવે છે. નાની ઉંમરે બહેરાશથી બચવું હોય તો ફોન, હેન્ડ્ઝ ફ્રી, ઈયરફોનનો ઉપયોગ મર્યાદિત સમય માટે અને એ પણ લો વોલ્યુમમાં કરવા સુચન કર્યું છે.

ડો. ઠક્કરે વિશેષ માહિતી આપતા જણાવ્યું હતું કે, કોઈ પણ વ્યક્તિ લાઉડ વોલ્યુમથી રોજ સતત અડધા કલાકથી વધુ મોબાઈલ ફોનમાં વાતચીત કરે કે, સતત મ્યુઝિક સાંભળતા હોય એવી વ્યક્તિની શ્રવણશક્તિને અસર થઈ શકે છે અને બહેરાશ આવી શકે છે. કોઈ પણ અવાજ હોય તે સૌ પ્રથમ કાનના કાણામાં(બાહ્ય કર્ણ) જાય છે, એ અવાજ મધ્યકર્ણ એટલે કે કાનના પડદાએ પહોંચે છે, પડદા પાછળની 3 હાડકી હલે અને અવાજને કન્વર્ટ કરી નસ મારફત(હેરસેલ)મગજને મોકલે છે. મોબાઈલ ફોનના સતત ઉપયોગના કારણે રેડિયો ફ્રિકવન્સી વેવ હેરસેલને સીધા નુકસાન પહોંચાડે છે, હેરસેલ ફરી જનરેટ થતા ન હોવાથી બહેરાશ નોતરે છે.

કારણે યંગ જનરેશન લાઉડ વોલ્યુમ કે હાઈનોટ ફ્રિકવન્સીથી સાંભળે છે, મોબાઈલ ફોનમાં વોલ્યુમ વધ-ઘટ કરવાની સુવિધા છે, 3 નંબરથી વધુ વોલ્યુમનો ઉપયોગ શ્રવણશક્તિ માટે નુકસાનકર્તા સાબિત થઈ શકે છે. .

### નાની ઉંમરે બહેરાશથી બચવા આટલી તકેદારી રાખવી

- મોબાઈલ ફોનનું વોલ્યુમ ઓછું રાખવું.
- મોબાઈલ ફોન કે હેન્ડ્ઝ ફ્રીમાં બિનજરૂરી લાંબો સમય વાત ન કરવી.
- વાત કરવી જરૂરી હોય તો અને લાંબો સમય વાત ચાલે તેમ હોય તેવા સંજોગોમાં સ્પીકરથી વાત કરવી (ખાનગી વાત ન હોય તો) ઉચિત છે.
- મોબાઈલ ફોનને કાનની સાથે દબાવીને વાત કરવાનું ટાળવું.
- હેડફોન કરતા હેન્ડ્ઝ ફ્રી વધુ નુકસાનકારક છે.

ડો. હિમાંશુ ઠક્કર, ઇએનટી સર્જન.

Scan to Watch the Video

# Public awareness article in press about summer & epistaxis

Scan to Watch the Video

સવારે યા સાંજે અકિલા ન્યુઝ.કોમ

## ઉનાળામા નસકોરીની સમસ્યા-નિદાન સારવાર

રાજકોટ, તા. ૨૫ : નાકમાંથી લોહી નીકળવું, નસકોરી ફૂટવી એવા કિસ્સાઓ વારંવાર બનતા હોય છે, પરંતુ ખાસ કરીને આ તકલીફ ઉનાળાની ઋતુમાં વધારે પ્રમાણમાં જોવા મળે છે જેનું કારણ છે અસહ્ય ગરમી અને તાપથી નાકની નાજુક નસોમાંથી ઘણીવાર લોહી નીકળવાની શરૂઆત થાય છે. આ સમસ્યા વધારે પ્રમાણમાં બાળકો તથા ઉંમરલાયક વ્યકિતઓમાં જોવા મળે છે.

### નાકની સામાન્ય રચના

નાક એ ચહેરાની આગવી ઓળખ સમાન છે. નાકની અંદરની રચના પણ ખૂબ જ અટપટી છે. ખાસ કરીને નાકની અંદર જયાં નાકના કાણાથી અંદરના ભાગમાં નાકના પડદા ઉપર નાકની ઘણી બધી લોહીની રકતવાહીનીઓ એકત્ર થઈને એક ઝુમખાની જેમ અંદર ચોટેલી હોય છે. નાકની ઉપર સામાન્ય ઈજા થાય તો પણ લોહી ખૂબ નીકળે છે.



ડો. હિમાંશુ ઠક્કર
કાન, નાક, ગળાના સર્જન

### લોહી નીકળવાના સામાન્ય કારણો

નાના બાળકોને નાકમાં આંગળી નાખવાની ખૂબ જ આદત હોય છે જેને લીધે આંગળીના નખ દ્વારા થયેલી ઈજા લોહી નીકળવાના કારણભૂત બને છે. ઉંમરલાયક વ્યકિતઓમાં ખાસ કરીને જેમને લોહીનું દબાણ ઉચુ રહેતું હોય, બી.પી.ની તકલીફ વાળા દર્દીઓમાં જે દર્દીઓ લોહી પાતળુ કરવાની દવાઓ લેતા હોય તેમાં આ સમસ્યા ખૂબ જ જોવા મળે છે. ક્રિકેટરો, બોકસર, ફુટબોલ વિ. ખેલાડીઓમાં પણ નાક પર રમત દરમ્યાન થયેલી ઈજાને લીધે લોહી નીકળવાની સમસ્યા સર્જાય છે. Atrophic rhinitis એ નાકની અંદરની ચામડીનો રોગ છે જેમાં નાકમાં ખૂબ ફોતરા થઈ જાય છે અને તેને કાઢતી વખતે તેમાંથી લોહી આવે છે.

માથામાં થયેલી ઈજાને કારણે પણ નાકમાંથી લોહી આવી શકે છે. લોહીના તત્વોની ઉણપ હીમોફીલીયા, ત્રાકકણો રૂધિરમાં ઓછા હોય તેવા દર્દીઓમાં પણ લોહી નાકમાંથી આવી શકે છે.

### નસકોરીની સમસ્યાનું નિદાન

વારંવાર થતી આ તકલીફનું તાત્કાલીક નિદાન નિષ્ણાંત તબીબ પાસે કરાવવું જોઈએ. કારણ કે વધારે નીકળતા લોહીને લીધે અનેક સમસ્યા સર્જાય શકે છે. જેમ કે લોહીના ટકા ઓછા થઈ જવા તદઉપરાંત સચોટ નિદાન એજ કારગત સારવારનો પાયો છે.

કાન-નાક-ગળાના સર્જન દ્વારા નાકની પ્રાથમિક તપાસ બાદ જરૂર પડયે નાકમાં દુરબીન ઉતારી તપાસ કરવામાં આવે છે.

કયારેક તે સીટી સ્કેન નાક તથા સાયનસ માટે કરવામાં આવે છે. લોહીની લેબોરેટરીની તપાસ પણ કરાવવા જોઈએ.

### નસકોરી માટેની સારવાર

ઘરગથ્થુ ઉપાય રૂપે નાકની ઉપર બરફ ઘસી શકાય તથા નાકને બે આંગળીથી દબાવી આગળ તરફ નમી મોં ખુલ્લુ રાખી શ્વાસ લેવા જોઈએ. તે ઉપરાંત માથા પર ઠંડુ પાણી નાખી શકાય છે.

પ્રાથમિક સારવાર રૂપે બન્ને નાકની અંદર વાટ મુકવામાં આવેછે. જેને Anterior nasal packing કહેવાય છે. જો બી. પી. ને લીધે લોહી નીકળતું હોય તો બી. પી. કન્ટ્રોલ કરવાની દવાઓ પણ આ સાથે આપવામાં આવે છે.

કયારેક ઉપરોકત સારવારથી લોહી બંધ ન થાય તો નાકની પાછળ તાળવામાં પેકીંગ કરવામાં આવે છે જેને Posterior nasal packing કહેવાય છે.

નાકને દુરબીન વડે તપાસી નાકની અંદરની નસમાંથી લોહી આવતું હોય તો તેને સ્પેશીયલ મશીન વડે નસને સીલ કરવામાં આવે છે. ખુબ જ લોહી નીકળી જવાના કિસ્સામાં કયારેક લોહી પણ ચડાવવું પડે છે. નસકોરી ફુટવી એ બાબતને સામાન્ય ન લેતા ચોકકસ નિદાન કરાવી નિષ્ણાંત તબીબ પાસે સારવાર કરાવવી ખુબ જ જરૂરી છે.

ઠક્કર હોસ્પિટલ ખાતે નસકોરીનું દૂરબીન વડે-સચોટ નિદાન તથા સારવારની સુવિધા ઉપલબ્ધ છે. (૮.૧૬)

સાંજ સમાચાર

## ગરમીના કારણે લોહીનું ઉંચુ દબાણ અને નાકમાં થતી ગાંઠ બાળકોમાં નસકોરીનું મુખ્ય કારણઃ ડો. ઠક્કર

### જાણીતા ઈએનટી સર્જન ડો. હિમાંશુ ઠકકરએ કાન, નાક અને ગળાના રોગ અને તેની સારવાર અંગે માહિતી આપી



રાજકોટ, તા. ૧૫

આપણે હૃદય, મગજને લગતી ઈમરજન્સી વિશે લોકો જાણતા હોય છે ત્યારે આજે રાજકોટના જાણીતા ઈએનટી સર્જન ડો. હિમાંશુ ઠક્કર પાસેથી આપણે કાન, નાક અને ગળાના રોગો અને તેને લગતી ઈમરજન્સી અને સારવાર વિશે માહિતી આપી હતી કે, નાકમાંથી લોહી નીકળવું જેને નસકોરીની સમસ્યા કહેવાય છે.

નાના બાળકોમા નાક ખોતરવાની આદત, ઉનાળામાં ગરમી, લોહીનું ઊંચું દબાણ, લોહી પાતળું કરવાનો દવાઓ, નાક પર વાગવાથી અને નાકના હાડકાના ફ્રેક્ચર, નાકમાં થતી ગાંઠ, વિ મુખ્ય કારણ છે. સારવાર ઇએનટી સર્જન પાસે જઈ નાકની દૂરબીન વડે તપાસ, સિટી સ્કેન, નાકમાં પેકિંગથી સારવાર કરી શકાય. કાનને લગતી ઈમરજન્સી જેમકે કાનમાં કોઇ જીવાત ફસાઈ જવી, નાના બાળકો જ્યારે કાન, નાક, ગળામાં કઈ પણ વસ્તુ નાખી દે ત્યારે ગંભીર પરિસ્થિતિ સર્જાઈ છે અને જેને તાત્કાલીક દૂરબીન વડે કાઢવી પડે છે. જેને ફોરેન બોડીની સમસ્યા કહે છે. ચક્કર, ઊલટી અને માથા અને કાનમાં દુખાવો જે કાનના રોગોથી થઈ શકે છે. સાયનસના રોગો જેમાં રસી અને મસા કયારેક આંખ અને મગજમાં પ્રસરી શકે છે અને જોખમી પુરવાર થાય છે. શ્વાસ નળી કે અન્ન નળીમાં કોઈક વસ્તુ ફસાઈ જાય જેને ઈએનટી સર્જન દૂરબીન ઊતારી કાઢી આપે છે. અને ખોરાક ઉતારવામાં અને શ્વાસ લેવામાં તકલીફ પડે ત્યારે દૂરબીનથી તે વસ્તુ ઈમરજન્સીમાં કાઢવી પડે. ગળામાં કાકડામાં થતાં રસી જેને લીધે દર્દી ખોરાક લઇ શકતો નથી અને તેને દાખલ કરી સારવાર કરી શકાય છે. મોં, ગળાના કેન્સરના એડવાન્સ સ્ટેજમાં દર્દિને ખોરાકમાં અને શ્વાસ લેવામાં તકલીફ પડવી જેમાં ગળામાં ગાંઠ વી. મોં અને ગળામાં એક્સિડન્ટને લીધે થતી ઈજાઓ. ઉપરોકત તમામ ઈમરજન્સી સારવાર અત્રે રાજકોટ વિદ્યાનગર રોડ સ્થિત ડો ઠક્કર ઇએનટી એન્ડ ડેન્ટલ હોસ્પિટલમાં આધુનિક સાધનો વડે કરી આપવામાં આવે છે. ઈએનટી સર્જન ડો હિમાંશુ ઠક્કરના જણાવ્યા મુજબ કોઈ પણ પ્રકારની ઇએનટી ઈમરજન્સી માટે મો.નંબર ૯૧૦૬૧ ૧૯૦૩૮. ૦૨૮૧ ૨૪૮૩૪૩૪ પર સંપર્ક કરવાનો રહેશે.

# Public awareness article in press about summer & epistaxis

Scan to Watch the Video

દેશ-પરદેશની આજકાલ

# ઉનાળામાં નસકોરીની સમસ્યા અને સારવાર

નાકમાંથી લોહી નીકળવું, નસકોરી ફુટવી એવા કિસ્સાઓ વારંવાર બનતા હોય છે. પરંતુ ખાસ કરીને આ તકલીફ ઉનાળાની ઋતુમાં વધારે પ્રમાણમાં જોવા મળે છે. જેનું કારણ છે અસહ્ય ગરમી અને તાપથી નાકની નાજુક નસોમાંથી ઘણીવાર લોહી નીકળીવાની શરૂઆત થાય છે. આ સમસ્યા વધારે પ્રમાણમાં બાળકો તથા ઉંમરલાયક વ્યક્તિઓમાં જોવા મળે છે.

આપણે સૌ પ્રથમ નાકની સામાન્ય રચના વિશે થોડી માહિતી મેળવીએ.

નાક એ ચહેરાની અગાવી ઓળખ સમાન છે, નાકની અંદરની રચના પણ ખૂબજ અટપટી છે, ખાસ કરીને નાકની અંદર જયાં નાકના કાણાથી અંદરના ભાગમાં નાકના પડદા ઉપર નાકની ઘણી બધી લોહીની રકતવાહીનીઓ એકત્ર થઈને એક ઝુમખાની જેમ અંદર ચોંટેલી હોય છે. જેને (Kesselbech's Plexus) કહેવાય છે અને તે એરીયાને તબીબી ભાષામાં લીટલ'સ એરીયા કહેવાય છે. તેથી જ નાકની ઉપર સામાન્ય ઈજા થાય તો પણ લોહી ખુબ નીકળે છે.



**નાકમાંથી લોહી નીકળવાના સામાન્ય કારણો**

નાના બાળકોને નાકમાં આંગળી નાખવાની ખૂબજ આદત હોય છે જેને લીધે આંગળીના નખ દ્વારા ઈજા લોહી નીકળવાના કારણભૂત બને છે.

ઉંમરલાયક વ્યક્તિઓમાં ખાસ કરીને જેમને લોહીનું દબાણ ઉંચુ રહેતું હોય, બી.પી.ની તકલીફવાળા દર્દીઓમાં જે દર્દીઓ લોહી પાતળું કરવાની દવાઓ લેતા હોય તેમાં આ સમસ્યા ખુબજ જોવા મળે છે.

ક્રિકેટરો, બોકસર, ફુટબોલ વિ.ખેલાડીઓમાં પણ નાક પર રમત દરમિયાન થયેલી ઈજાને લીધે લોહી નીકળવાની સમસ્યા સર્જાય છે. અકસ્માતથી પડી જવાથી વિ. કિસ્સાઓમાં પણ નાકમાંથી લોહી નીકળે છે.

Atrophic rhinitisએ નાકની અંદરની ચામડીનો રોગ છે. જેમાં નાકમાં ખૂબ ફોતરાં થઈ જાય છે અને તેને કાઢતી વખતે તેમાંથી લોહી આવે છે.

અશકત અને માંદા દર્દીઓમાં નાકમાં તથા જેમની રોગપ્રતિકારક શક્તિ ખુબજ ઓછી હોય અને જેઓ પોષ્ટીક આહાર ન લઈ શકતા હોય તેવા દર્દીઓમાં નાકમાં જીવાત થઈ જાય છે જેને Maggots કહેવાય છે. તે પણ નાકમાંથી લોહી નીકળવા કારણભૂત છે.

નાના બાળકો ઘણા લાંબા સમયથી નાકની અંદર ફસાયેલ ફોરેન બોડી જેમ કે સીંગદાણો, સ્લેટપેન, ચેક રબ્બર, બેટરીનો નાનો સેલ વિ.ને લીધે પણ લોહી નીકળી શકે છે.

નાકની પાછળ તાળવામાં થતી ગાંઠ જેને લોહીની ગાંઠ તરીકે પણ ઓળખાય છે. Angiofobromn તરીકે ઓળખાય છે. આ ગાંઠને લીધે પણ વારંવાર નાકમાંથી લોહી આવી શકે છે.

ઉનાળામાં ખાસ કરીને અસહ્ય ગરમીને લીધે નાકની નસમાંથી લોહી નીકળવાની સમસ્યા ઉદ્દભવતી હોય છે. ખૂબજ ભારે શરદી, સાયનસની તકલીફ વિ.ને લીધે પણ કયારેક નાકમાંથી લોહી આવી શકે છે.

**નસકોરી માટેની સારવાર**

ઘરગથ્થુ ઉપાય રૂપે નાકની ઉપર બરફ ઘસી શકાય તથા નાકને બે આંગણીથી દબાવી આગળ તરફ નમી મોં ખુલ્લુ રાખી શ્વાસ લેવા જોઈએ. તે ઉપરાંત માથા પર ઠંડુ પાણી નાખી શકાય છે.

પ્રાથમીક સારવાર રૂપે બન્ને નાકની અંદર વાટ મુકવામાં આવે છે. જેને Anterior nasal packing કહેવાય છે. જો બી.પી.ને લીધ લોહી નીકળતું હોય તો બી.પી. કન્ટ્રોલ કરવાની દવાઓ પણ આ સાથે આપવામાં આવે છે.

નાકને દુરબીન વડે તપાસી નાકની અંદરની નસમાંથી લોહી આવતું હોય તો તેને સ્પેશીયલ મશીન વડે નસને સીલ કરવામાં આવે છે. ખુબજ લોહી નીકળી જવાના કિસ્સામાં કયારેક લોહી પણ ચડાવવું પડે છે.

નસકોરી ફુટવી એ બાબતને સામાન્ય રીતે ન લેતા ચોકકસ નિદાન કરાવી નિષ્ણાંત તબીબ પાસે સારવાર કરાવવી ખુબજ જરૂરી છે.

**સંકલનઃ ડો.હિમાંશુ ઠકકર, ઈએનટી સર્જન**

પોઝિટિવ ન્યૂઝ, ઈન્ફોર્મેટિવ ન્યૂઝ અબતક સાંધ્ય દૈનિક

# ઉનાળામાં નસકોરીની સમસ્યા, નિદાન તથા સારવાર વિશે માહિતી આપતા કાન-નાક-ગળાના સર્જન ડો.હિમાંશુ ઠક્કર

**રાજકોટ**

નાકમાંથી લોહી નીકળવું, નસકોરી ફુટવી એવા કિસ્સાઓ વારંવાર બનતા હોય છે. પરંતુ ખાસ કરીને આ તકલીફ ઉનાળાની ઋતુમાં વધારે પ્રમાણમાંજોવા મળે છે. જેનું કારણ છે અસહ્ય ગરમી અને તાપથી નાકની નાજુક નસોમાંથી ઘણીવાર લોહી નીકળવાની શરૂઆત થાય છે. આ સમસ્યા વધારે પ્રમાણમાં બાળકો તથા ઉંમરલાયક વ્યક્તિઓમાં જોવા મળે છે.

- આપણે સૌપ્રથમ નાકની સામાન્ય રચના વિશે થોડી માહિતી મેળવીએ.

* નાક એ ચહેરાની આગવી ઓળખ સમાન છે.
* નાકની અંદરની રચના પણ ખૂબ જ અટપટી છે.
* ખાસ કરીને નાકની અંદર જયાં નાકના કાણાથી અંદરના ભાગમાં નાકના પડદા ઉપર નાકની ઘણી બધી લોહીની રક્તવાહીનીઓ એકત્ર થઈને એક ઝુમખાની જેમ અંદર ચોટેલી હોય છે. જેને (ઊંયતતયહબયયવ'ત ક્ષ્યક્ષ્ફત) કહેવાય છે અને તે એરીયાને તબીબી ભાષામાં ક્ષ્ાર્િંય'ત ફયિફ કહેવાય છે. તેથી જ નાકની ઉપર સામાન્ય ઈજા થાય તો પણ લોહી ખૂબ નીકળે છે.

- નાકમાંથી લોહી નીકળવાના સામાન્ય કારણો

* નાના બાળકોને નાકમાં આંગળી નાખવાની ખૂબ જ આદત હોય છે જેને લીધે આંગળીના નખ દ્વારા થયેલી ઈજા લોહી નીકળવાના કારણભૂત બને છે.
* ઉંમરલાયક વ્યક્તિઓમાં ખાસ કરીને જેમને લોહીનું દબાણ ઉંચુ રહેતું હોય, બી.પી.ની તકલીફ વાળા દર્દીઓમાં જે દર્દીઓ લોહી પાતળુ કરવાની દવાઓ લેતા હોય તેમાં આ સમસ્યા ખૂબ જ જોવા મળે છે.
* ક્રિકેટરો, બોકસર, ફૂટબોલ વિ.ખેલાડીઓમાં પણ નાક પર રમત દરમ્યાન થયેલી ઈજાને લીધે. લોહી નીકળવાની સમસ્યા સર્જાય છે.
* અકસ્માતથી પડી જવાથી વિ.કિસ્સાઓમાં પણ નાકમાંથી લોહી નીકળે છે.
* અર્જ્ઞિાવશભ વિશક્ષશશિંત એ નાકની અંદરની ચામડીનો રોગ છે. જેમાં નાકમાં ખૂબ ફોતરા થઈ જાય છે અને તેને કાઢતી વખતે તેમાંથી લોહી આવે છે.
* ખૂબ જ અશક્ત અને માંદા દર્દીઓમાં નાકમાં તથા જેમની રોગપ્રતિકારક શક્તિ ખૂબજ ઓછી હોય અને જેઓ પોષ્ટીક આહાર ન લઈ શક્તા હોય તેવા દર્દીઓમાં નાકમાં જીવાત થઈ જાય છે જેને Maggots કહેવાય છે. તે પણ નાકમાંથી લોહી નીકળવા કારણભૂત છે.
* નાના બાળકો ઘણા લાંબા સમયથી નાકની અંદર ફસાયેલ ફોરેન બોડી જેમ કે શીંગદાણો, સ્લેટપેન, ચેકરબ્બર, બેટરીનો નાનો સેલ વિ.ને લીધે પણ લોહી નીકળી શકે છે.
* નાકની પાછળ તાળવામાં થતી ગાંઠ જેને લોહીની ગાંઠ તરીકે પણ ઓળખાય છે. અક્ષલશજ્ઞરશ-બજ્ઞિળફ તરીકે ઓળખાય છે. આ ગાંઠને લીધે પણ વારંવાર નાકમાંથી લોહી આવી શકે છે.
* ઉનાળામાં ખાસ કરીને અસહ્ય ગરમીને લીધે નાકની નસમાંથી લોહી નીકળવાની સમસ્યા ઉદ્દભવતી હોય છે.
* ખૂબ જ ભારે શરદી, સયનસની તકલીફ વિ.ને લીધે પણ ક્યારેક નાકમાંથી લોહી આવી શકે છે.
* માથામાં થયેલી ઈજાને કારણે પણ નાકમાંથી લોહી આવી શકે છે.



* લોહીના તત્ત્વોની ઉણપ હીમોફીલીયા, ત્રાકકણો રૂધિરમાં ઓછા હોય તેવા દર્દીઓમાં પણ લોહી નાકમાંથી આવી શકે છે.

- નસકોરીની સમસ્યાનું નિદાન

* વારંવાર થતી આ તકલીફનું તાત્કાલીક નિદાન નિષ્ણાંત તબીબ પાસે કરાવવું જોઈએ. કારણ કે વધારે નીકળતા લોહીને લીધે અનેક સમસ્યા સર્જાય શકે છે. જેમ કે લોહીના ટકા ઓછા થઈ જવા તદ્ઉપરાંત સચોટ નિદાન એ જ કારગત સારવારનો પાયો છે.
* કાન-નાક-ગળાના સર્જન દ્વારા નાકની પ્રાથમિક તપાસ બાદ જરૂર પડયે નાકમાં દુરબીન ઉતારી તપાસ કરવામાં આવે છે.
* ક્યારેક તે સીટી સ્કેન નાક તથા સાયન્સ માટે કરવામાં આવે છે.
* લોહીની લેબોરેટરી તપાસ પણ કરાવવી જોઈએ.

- નસકોરી માટેની સારવાર

* ઘરગથ્થુ ઉપાય રૂપે નાકથી ઉપર બરફ ઘસી શકાય તથા નાકને બે આંગળીથી દબાવી આગળ તરફ નમી મોં ખુલ્લુ રાખી શ્વાસ લેવા જોઈએ. તે ઉપરાંત માથા પર ઠંડુ પાણી નાખી શકાય છે.
* પ્રાથમિક સારવાર રૂપે બન્ને નાકની અંદર વાટ મુકવામાં આવે છે. જેને અક્ષયિંશિજ્ઞિ ક્ષફતફહ ાફભસશક્ષલ કહેવાય છે. જો બી.પી.ને લીધે લોહી નીકળતું હોય તો બી.પી.કન્ટ્રોલ કરવાની દવાઓ પણ આ સાથે આપવામાં આવે છે.
* ક્યારેક ઉપરોક્ત સારવારથી લોહી બંધ ન થાય તો નાકની પાછળ તાળવામાં પેકીંગ કરવામાં આવે છે જેને ડજ્ઞતયિંશિજ્ઞિ ક્ષફતફહ ડ્ફભસશક્ષલ કહેવાય છે.
* નાકને દુરબીન વડે તપાસી નાકની અંદરની નસમાંથી લોહી આવતું હોય તો તેને સ્પેશીયલ મશીન વડે નસને સીલ કરવામાં આવે છે.
* ખૂબજ લોહી નીકળી જવાના કિસ્સામાં ક્યારેક લોહી પણ ચડાવવું પડે છે.
* સનકોરી ફુટવી એ બાબતને સામાન્ય ન લેતા ચોક્કસ નિદાન કરાવી નિષ્ણાંત તબીબ પાસે સારવાર કરાવવી ખૂબ જ જરૂરી છે.
* ક્કર હોસ્પિટલ ખાતે નસકોરીનું દૂરબીન વડે-સચોટ નિદાન તથા સારવારની સુવિધા ઉપલબ્ધ છે.

# { સિટી મિરર }

## લોહી પાતળુ કરવાની દવાથી નાકમાંથી બ્લડ નીકળવાની થાય છે સમસ્યા

